અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ ઓક્ટોબર ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૨, કારતક સુદ ૮ | અંક : ૧૧૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## નીતિશ માત્ર ચહેરો, સત્તાનું રિમોટ તો ભાજપના હાથમાં

### તમે સ્ટેજ પર આવીને નાચવાનું કહેશો તો નાચશે, તમે જે કરવા માંગો છો ચૂંટણી પહેલા કરાવી લો, પરંતુ ચૂંટણી પછી નરેન્દ્ર મોદી દેખાશે નહીં: રાહુલ ગાંધી

। (એજન્સી) મુઝફ્ફરપુર, તા.૨૯ ।

બિહાર વિધાનસભા ચૂંટણીને લઈને તમામ પક્ષો મતદારોને રિઝવવામાં લાગી ગયા છે, ત્યારે કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે મુઝફ્ફરપુરમાં એક જંગી સભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી નીતિશ કુમાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે, 'આજે બિહારના યુવાનો પાસે પોતાના જ રાજ્યમાં કોઈ ભવિષ્ય બચ્યું નથી. બિહારીઓનું ભવિષ્ય બિહારમાં નથી, આ જ સત્ય છે. નીતિશ કુમાર છેલ્લા ૨૦ વર્ષથી સરકાર ચલાવી રહ્યા છે, પોતાને અત્યંત પછાત ગણાવે છે. તો પછી તમે કહો કે, તેમણે શિક્ષણ, આરોગ્ય અને રોજગાર માટે શું કર્યું?' તેમણે જનતાને સવાલ કર્યો કે, 'શું લોકો એવા રાજ્યમાં રહેવા માંગે છે, જ્યાં શિક્ષણ, આરોગ્ય અને રોજગાર જેવી પાયાની સુવિધાઓ ન મળે? કોંગ્રેસ અને અમારા સાથી પક્ષો એવા બિહારની કલ્પના કરે છે, જ્યાં દરેક યુવાનને રોજગાર મળે અને દરેક પરિવારને બહેતર શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ મળે.' મુખ્યમંત્રી નીતિશ કુમાર પર પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'નીતિશ કુમાર માત્ર ચહેરો છે, પરંતુ સત્તાનું રિમોટ કંટ્રોલ ભાજપના હાથમાં છે. તમે એવું ન વિચારો કે, ત્યાં પછાત અને દલિતોનો અવાજ સાંભળવામાં આવે છે. ત્યાં ત્રણ-ચાર લોકો બધુ કંટ્રોલ કરે છે. ભાજપ પાસે રિમોટ છે અને તેમને સામાજિક ન્યાય સાથે કોઈ લેવાદેવા નથી.' રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ધાર્મિક અને સાંસ્કૃતિક મુદ્દાઓને લઈને પણ નિશાન



સાધ્યું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, 'અહીં યમુના નથી, પરંતુ તળાવ છે છતાં નરેન્દ્ર મોદી તેમાં નાહવા જતા રહ્યા. તેમને છઠ્ઠ પૂજા કે યમુનાથી કોઈ મતલબ નથી, તેમને માત્ર તમારો વોટ જોઈએ છે. જો તમે કહેશો તો તેઓ નાચશે પણ. તેઓ ચૂંટણી જીતવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે.' રાહુલ ગાંધીએ તેમની રેલીમાં કહ્યું કે, આજની તારીખમાં વડાપ્રધાન મોદી મત માટે કંઈ પણ કરી શકે છે. રાહુલ ગાંધીએ મુઝફ્ફરપુર રેલીમાં કહ્યું કે, તેમને (પીએમ મોદી) ફક્ત તમારા મત જોઈએ છે. જો તમે કહો કે, નરેન્દ્ર મોદી તમે નાટક કરો, તો તે કરી દેશે. જો તમે કહો કે, અમે તમને મત આપીશું, તો તમારે સ્ટેજ પર આવીને નાચો, તો તે સ્ટેજ પર આવીને નાચશે. તમે જે કરવા માંગો છો, ચૂંટણી પહેલા કરાવી લો, પરંતુ ચૂંટણી પછી નરેન્દ્ર મોદી દેખાશે નહીં. રાહુલ ગાંધીએ લોકોને INDIA મહાગઠબંધનના ઉમેદવારોને વિજયી બનાવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, મહાગઠબંધન સરકાર બધા સમુદાયો અને ધર્મોની સરકાર હશે. અમારી પ્રાથમિકતા બિહારને આગળ લઈ જવાની છે. જાતિ વસ્તી ગણતરીની ચર્ચા કરતા તેમણે કહ્યું કે, લોકસભામાં અમે વડાપ્રધાનને જાતિ વસ્તી ગણતરી કરાવવા કહ્યું હતું, પરંતુ તેમણે એક પણ શબ્દ બોલ્યો નહીં. રાહુલ ગાંધીએ પ્રશ્ન કર્યો કે, જો બિહારના લોકો બીજા રાજ્યોમાં જઈને તેને બનાવી શકે છે, તો તેઓ બિહારમાં આ જ કામ કેમ ન કરી શકે? રાહુલ ગાંધીએ કહ્યું કે, બિહારના યુવાનો કહે છે કે, અહીં રોજગાર નથી. નીતિશ કુમાર છેલ્લા ૨૦ વર્ષથી બિહારના મુખ્યમંત્રી છે. તેઓ પોતાને અત્યંત પછાત કહે છે, પરંતુ શિક્ષણ, આરોગ્ય અને રોજગારના ક્ષેત્રોમાં તેમણે શું સુધારો કર્યો છે? શું તમે એવું બિહાર ઈચ્છો છો, જ્યાં તમને તમારા પોતાના રાજ્યમાં કંઈ ન મળે? તેમણે કહ્યું કે, "દરેક મોબાઈલ ફોનની પાછળ જુઓ, તે બધામાં મેડ ઈન ચાઈના લખેલું હોય છે. અમે તેને બદલવા માંગીએ છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોટબંધી અને GSTના ખોટા અમલીકરણ દ્વારા બિહારમાં નાના વ્યવસાયોને બરબાદ કરી દીધા છે. આજે, તમે તમારી આસપાસ જે પણ વસ્તુઓ જુઓ છો, તેની પાછળ મેડ ઈન ચાઈના લખેલું હોય છે."

## પંજાબી સિંગર દિલજીત દોસાંઝને ખાલિસ્તાની સંગઠને આપી ધમકી

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯।

ખાલિસ્તાની સંગઠન દ્વારા પંજાબી સિંગર દિલજીત દોસાંઝને ધમકી આપવામાં આવી છે. જેથી આ મુદ્દો દેશમાં હાલ ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. સિંગર હાલમાં કૌન બનેગા કરોડપતિ શોમાં ગયો હતો. ત્યાં તેણે અમિતાભ બચ્ચનના પગે પડ્યા હતા. બસ આ જ વાતને લઈને ખાલિસ્તાની સંગઠન ઉકળી ગયું છે. ૧ નવેમ્બરે સિંગરનો ઓસ્ટ્રેલિયામાં કોન્સર્ટ છે જેને બંધ કરવાની ધમકી આપી છે. આપને જણાવી દઈએ કે ખાલિસ્તાની આતંકવાદી સંગઠન 'સિખ ફોર જસ્ટિસ' દ્વારા આ ધમકી આપવામાં આવી છે. ઈન્ડિયા ટુડેની રિપોર્ટ પ્રમાણે ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહે ધમકી આપી છે કે અમિતાભ બચ્ચનના પગે પડવાના વિરોધમાં ૧ નવેમ્બરે ઓસ્ટ્રેલિયામાં જે મ્યૂઝિક કોન્સર્ટ થવાનો છે તેને બંધ કરી દેવામાં આવશે. સમૂહ દ્વારા આરોપ લગાવવામાં આવ્યો છે કે આ હરકત ૧૯૮૪માં સિખ વિરોધી જે રમખાણો થયા હતા તેની સ્મૃતિઓનું અનાદર છે. ગુરપતવંત સિંહ પન્નૂએ એક નિવેદનમાં કહ્યું કે અમિતાભ બચ્ચન એ છે કે જેની વાતોને ૧૯૮૪માં નરસંહારને હવા આપી હતી. હવે દિલજીત દોસાંઝે સિખ નરસંહારના દરેક પીડિત અનાથ અને વિધવાનું અપમાન કર્યું છે જે નાદાની નથી પરંતુ દગાખોરી છે. વધુમાં એવું પણ કહેવામાં આવ્યું કે સિખ મહિલાઓ સાથે જે થયું. બાળકોની કરુણતાથી હત્યા થઈ. સિખ ભાઈઓની જે રીતે સળગાવી દેવામાં આવ્યા. તેમની રાખ હજુ ઠંડી નથી પડી.

### ૧૧૦ કિલોમીટર સુધીના ઝડપે પવન ફૂંકાયોઃ દરિયામાં ઊંચાં મોજાં ઉછળ્યાં

## વાવાઝોડું 'મોન્થા' વિનાશક સ્વરૂપમાં આંધ્રના દરિયાકાંઠે ટકરાયું : ભારે વરસાદ

**આ વાવાઝોડાએ આંધ્રપ્રદેશમાં જ ૩૮,૦૦૦ હેક્ટરના ઊભા પાક ઉપરાંત ૧.૩૮ લાખ હેક્ટરના હોર્ટિકલ્ચર પાકનો નાશ કર્યો**

। (એજન્સી) અમરાવતી, તા.૨૯ ।

વાવાઝોડા 'મોન્થા'એ મંગળવારે સાંજે વિનાશક રૂપ સાથે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ટકરાયું હતું. જેને પગલે કલાકદીઠ ૯૦થી ૧૧૦ કિલોમીટરની ઝડપે ભારે પવન ફૂંકાયો હતો અને ભારે વરસાદ પડ્યો હતો. આ પ્રક્રિયા મોડીરાત્રિ સુધી ચાલુ રહી હતી. એ પછી વાવાઝોડું કાકિનાડાની ફરતે મચિલિપટનમ અને કનિંગપટનમ પર વિનાશ રેલાવી ગયું હતું. દરિયામાં અનેક ફુટ ઊંચા મોજા ઉછળ્યા હતા.આ વાવાઝોડાએ સવારથી તેની ગતિ પકડી હતી. જેને પગલે આંધપ્રદેશ, ઓડિશા અને તમિલનાડુના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ શરૂ થઈ ગયો હતો. તેની અસર પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં દેખાશે. જોકે આ તમામ રાજ્યોમાં એલર્ટ જારી કરાયું છે. આંધ્ર, ઓડિશ, તમિલનાડુ, છત્તીસગઢ



અને પુડુચેરીમાં એનડીઆરએફની ૨૫ ટીમો તૈનાત કરી દેવાઈ છે. આ રાજ્યોમાં તીવ્ર પવન સાથે વરસાદ પડ્યો હતો. આ રાજ્યોમાં પાકને વધુ અસર થઈ છે. આ વાવાઝોડાએ માત્ર આંધ્રપ્રદેશમાં જ ૩૮,૦૦૦ હેક્ટરના ઊભા પાક ઉપરાંત ૧.૩૮ લાખ હેક્ટરના હોર્ટિકલ્ચર પાકનો નાશ કરી દીધા છે. આંધ્રમાંથી આશરે એક લાખ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. સાત જિલ્લાઓમાં વાહનની અવર-જવર અટકાવી દેવાઈ છે. આ વાવાઝોડાની અસરમાં ઓડિશાના અનેક જિલ્લામાં ભારે વરસાદ પડ્યો છે. જેને કારણે ભેખડો ધસી પડવાની અને ઘરોને નુકસાન પહોંચવાની ઘટનાઓ બની છે. અનેક ઝાડ જળથી ઉખડી ગયા છે. ઓડિશાના સીએમ મોહન માંઝીએ કહ્યું હતું કે તેમની સરકાર કોઈ પણ પ્રકારના પડકારોનો સામનો કરવા સજ્જ છે. રાજ્યમાં ૨,૦૦૦થી વધુ ડિઝાસ્ટર રિલીફ કેમ્પ ખોલવામાં આવ્યા છે. આ રાજ્યોમાં જતી ૧૫૦થી વધુ ટ્રેનો રદ કરાઈ છે અને અન્ય ટ્રેનોના સમય અને રૂટમાં ફેરફાર કરાયા છે. ૫૦ જેટલી ફ્લાઈટ્સ રદ કરાઈ છે. વિશાખાપટ્ટનમ એરપોર્ટ બંધ કરી દેવાયું છે.

### સરકાર શરત વગર ખેડૂતોનું દેવું માફ કરે...

## મહારાષ્ટ્રના નાગપુરમાં ખેડૂતોનું ઉગ્ર આંદોલન, હાઈવે ચક્કાજામ

। (એજન્સી) નાગપુર, તા.૨૯ ।

મહારાષ્ટ્રના નાગપુરમાં આજે બીજા દિવસે ખેડૂતો ઉગ્ર આંદોલન કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શન પૂર્વ મંત્રી અને પ્રહાર પાર્ટીના નેતા બચ્ચુ કડુના નેતૃત્વમાં કરવામાં આવી રહ્યું છે. જ્યાં સુધી સરકાર શરત વગર ખેડૂતોનું દેવું માફ નહીં કરે, ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી છે. ઉગ્ર વિરોધ કરી રહેલા આંદોલનકારી ખેડૂતોએ નાગપુર-હૈદરાબાદ નેશનલ હાઈવે ચક્કાજામ કરી દીધો છે, જેના કારણે હાઈવે પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો છે. હાઈવે પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. બીજીતરફ પોલીસ તંત્ર આંદોલનની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. આંદોલનની આગેવાની કરી રહેલા પૂર્વ મંત્રી અને પ્રહાર પાર્ટીના નેતા બચ્ચુ કડુએ કહ્યું કે, 'અમે ખેડૂતોની વેદના અને વધતા દેવાના બોજના કારણે દેખાવો કરી રહ્યા છીએ. આંદોલનકારીઓ ઈચ્છે છે કે રાજ્ય સરકાર તાત્કાલિક પગલાં ભરે અને ખેડૂતોને રાહત આપે. આંદોલન વધુ ઉગ્ર ન બને તે માટે પોલીસ તંત્રએ સુરક્ષા-વ્યવસ્થા કડક કરી દીધી છે. હાલ પોલીસ અને વહીવટી અધિકારીઓ



ઘટનાસ્થળે છે અને સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. આ ઉપરાંત હાઈવે પર જામ થયેલ ટ્રાફિક વૈકલ્પિક માર્ગ વાળવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૩માં મહારાષ્ટ્રમાં કુલ ૨૮૫૧ ખેડૂતોએ જ્યારે ૨૦૨૪માં ૨૬૩૫ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. જ્યારે જાન્યુઆરીથી માર્ચ-૨૦૨૫ દરમિયાન ૭૬૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. વર્લ્ડ બેંકના રિપોર્ટ મુજબ, મહારાષ્ટ્રમાં કુલ બાકી કૃષિ દેવું આશરે ૨,૬૩,૨૦૩ કરોડ રૂપિયા નોંધાયું છે. અનેક ખેડૂતો દેવું કરીને ખેતરમાં પાક વાવતા હોય છે, જોકે કુદરતી આફતના કારણે અનેક વખત આ પાકને મોટાપ્રમાણમાં નુકસાન થાય છે, જેના કારણે તે ખેડૂત નિરાશ થાય છે.

## દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામને ફરી મળ્યા જામીન

। (એજન્સી) જોધપુર, તા.૨૯ ।

સુરત અને જોધપુરમાં દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૮૬ વર્ષીય આસારામને રાજસ્થાન હાઈકોર્ટે તબીબી કારણોસર ૬ મહિનાના વચગાળાના જામીન આપ્યા છે. આ વખતે, આસારામની સાથે ત્રણ પોલીસ કર્મચારીઓ રાખવાની શરત દૂર કરાઈ છે, જેથી હવે જામીન દરમિયાન આસારામ સાથે પોલીસ રહેશે નહીં. જણાવી દઈએ કે, આ વર્ષની શરૂઆતમાં સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા હતા. વર્ષ ૨૦૧૩માં જોધપુરમાં એક સગીરે આસારામ પર જાતીય ગેરવર્તણૂકનો આરોપ લગાવ્યો હતો. ત્યારબાદ, જોધપુર પોલીસે આસારામને તેમના છિંદવાડા આશ્રમમાંથી ધરપકડ કરી, તેમને જોધપુર લાવીને સેન્ટ્રલ જેલમાં મોકલી દીધા. ૨૫ એપ્રિલ, ૨૦૧૮ના રોજ, જોધપુરની એક કોર્ટે જાતીય ગેરવર્તણૂક બદલ આસારામને આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યારબાદ આસારામે સજા પર રોક લગાવવા માટે અરજી દાખલ કરી, પરંતુ રાહત નકારી કાઢવામાં આવી. આસારામે ૨૦૨૫માં તબીબી સારવાર માટે વચગાળાના જામીન માંગ્યા. સુપ્રીમ કોર્ટે ૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત કેસમાં તબીબી સારવાર માટે આસારામને વચગાળાના જામીન આપ્યા હતા. આ પછી, રાજસ્થાન હાઈકોર્ટે પણ આસારામને વચગાળાના જામીન આપ્યા હતા, જે સમયાંતરે લંબાવવામાં આવતા હતા. જોકે, ૨૭ ઓગસ્ટના રોજ, રાજસ્થાન હાઈકોર્ટે આસારામના વચગાળાના જામીન લંબાવવાનો ઈનકાર કર્યો હતો અને તેમના શરણાગતિનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ આસારામે આત્મસમર્પણ કર્યું. જોધપુર કેસઃ જોધપુરના મનાઈ આશ્રમમાં એક સગીરા પર બળાત્કારના કેસમાં ૨ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ જોધપુર પોલીસે આસારામની તેમના ઈન્દોર આશ્રમમાંથી ધરપકડ કરી હતી.


## ૧ નવેમ્બરથી બદલાઈ જશે બેન્ક ખાતા અને લોકરના નિયમો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

બેન્ક સાથે જોડાયેલા અનેક નિયમોમાં પહેલી નવેમ્બરથી ફેરફાર થવા જઈ રહ્યા છે. દરેક ખાતાધારક માટે આ નિયમ જાણવા ખૂબ જ જરૂરી છે, જેથી બાદમાં કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે. કારણ કે, આ ફેરફારો તમારી રોજબરોજની જિંદગી પર પણ મોટી અસર પડશે. આ મુખ્ય ફેરફારમાં બેન્ક એકાઉન્ટ અને લોકરમાં નૉમિની સાથે જોડાયેલા બદલાવ પણ સામેલ છે. જે હેઠળ બેંક ગ્રાહક હવે એક નહીં પરંતુ ચાર નૉમિની પણ રાખી શકે છે. આધાર કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને મ્યુચ્યુઅલ ફન્ડ સાથે જોડાયેલા અમુક નિયમોમાં પણ ફેરફાર થવા જઈ રહ્યો છે. પહેલી નવેમ્બર, ૨૦૨૫થી બેન્કિંગ એક્ટમાં એક મોટો ફેરફાર લાગુ થવા જઈ રહ્યો છે.



# અંબાજી મંદિરના ભંડારમાંથી ૩૦૦ ગ્રામ સોનું નિકળ્યું



। (એજન્સી) અંબાજી, તા.૨૯ ।

અંબાજી મંદિરને સોનાથી મઢવાનું કાર્ય અનેક વર્ષોથી ચાલી રહ્યું છે અને આ અભિયાનમાં સતત વધારો થઈ રહ્યો છે. સમયાંતરે ભક્તો દ્વારા થતા આવા દાનથી મંદિરનું શિખર ઝડપભેર સોનેરી ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે. બેસતા વર્ષે અંબાજી મંદિર ટ્રસ્ટને એક ગુપ્ત દાતા તરફથી ૧૦૦ ગ્રામ સોનું અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારે દિવાળી બાદ આજે મંદિરના ભંડારમાંથી વધુ ૩૦૦ ગ્રામ સોનું મળ્યું છે.દિવાળી બાદ આજે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ભંડાર ખોલવામાં આવ્યો હતો. આ ભંડારમાંથી ચુંદડીમાં બાંધેલું ૩૦૦ ગ્રામ સોનુ પ્રાપ્ત થયું હતું. માતાજીના કોઈ ભક્ત દ્વારા ચૂંદડીમાં મૂકીને ભંડારમાં દાન કરાયું હતું. આ ભંડારમાં સોનાના ૫૦ ગ્રામના કુલ ૬ બિસ્કીટ ચૂંદડીમાં બાંધેલા હતાં. જેને ટ્રસ્ટ દ્વારા ઓફિસમાં જમા કરાવવામાં આવ્યા હતાં. કોઈ ભક્તે માતાજીને સોનાનું ગુપ્ત દાન કર્યું હતું.

અંબાજી મંદિરમાં બેસતા વર્ષના દિવસે એક ભક્તે ઓળખ ગુપ્ત રાખવાનું કહીને ૧૦૦ ગ્રામ સોનાનું દાન કર્યું હતું. માઁ અંબાના ચરણે અર્પણ કરાયેલું આ મહાદાન અંબાજી મંદિર ટ્રસ્ટના ટેમ્પલ ઈન્સ્પેક્ટર પ્રવીણભાઈ ગોસ્વામીએ વિધિવત રીતે સ્વીકાર્યું હતું. આ ગુપ્ત દાનનો ઉપયોગ પણ મંદિરના શિખરને સુવર્ણજડિત બનાવવાની કામગીરીમાં લેવામાં આવશે. અંબાજી મંદિરને સોનાથી મઢવાનું કાર્ય અનેક વર્ષોથી ચાલી રહ્યું છે અને આ અભિયાનમાં સતત વધારો થઈ રહ્યો છે. સમયાંતરે ભક્તો દ્વારા થતા આવા દાનથી મંદિરનું શિખર ઝડપભેર સોનેરી ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે.

### સુરત શહેરના વરાછા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી

# સુરતમાં મહિલા કર્મચારીનો ચેન્જિંગ રૂમનો વીડિયો બનાવી ૬૦ લાખ પડાવ્યા

## આ મામલે એક ખાનગી ટુર્સના માલિકે ફરિયાર નોંધાવતા, પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીની ધરપકડ કરી

।(એજન્સી) સુરત, તા.૨૯।

સુરત શહેરના વરાછા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક પૂર્વ કર્મચારીએ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ કંપનીના માલિકને બ્લેકમેઈલ કરીને લાખો રૂપિયા પડાવ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ કેસમાં પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીની ધરપકડ કરી છે. પાંડેસરા વિસ્તારમાં રહેતો આરોપી રાહુલ જગદીશભાઈ રગડે ફરિયાદીની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ કંપનીમાં છેલ્લા અઢી વર્ષથી નોકરી કરતો હતો.



રાહુલે નોકરી દરમિયાન ગુપ્ત રીતે કંપનીના ગ્રાહકોનો મહત્ત્વપૂર્ણ ડેટા ચોરી લીધો હતો. આ ઉપરાંત, તેણે ઓફિસમાં નોકરી કરતી એક મહિલા કર્મચારીનો કપડાં બદલતી વખતનો ખાનગી વીડિયો પણ પોતાના મોબાઈલમાં ઉતારી લીધો હતો. આ બંને બાબતોનો ઉપયોગ કરીને તેણે કંપનીના માલિકને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું. પહેલા તેણે મહિલા કર્મચારીને બ્લેકમેઈલ કરી ૬૦ લાખ પડાવ્યા હતા.બ્લેકમેઈલિંગની આ સમગ્ર પ્રક્રિયા લગભગ બે-અઢી વર્ષ ચાલી હતી.રાહુલે માલિક પાસે વીડિયો વાયરલ ન કરવા અને ડેટા મેઈલ ન કરવાના બહાને વધુ રૂ. ૧,૨૦,૦૦,૦૦૦ની માંગણી કરી હતી. ધમકી આપી હતી કે, જો આ માંગણી પૂરી નહીં થાય, તો ફરિયાદીના પતિનો ધંધો બરબાદ કરી બદનામ કરી દેવામાં આવશે અને તેમને જાનથી મારી નાખવામાં આવશે. છેવટે, હેરાનગતિ અને સતત ધમકીથી કંટાળીને ફરિયાદીએ પોલીસમાં અરજી આપતા રાહુલ જગદીશભાઈ રગડેની ધરપકડ કરી છે.

### નરોડામાં તસ્કરોની અનોખી કરતૂત

# ચોરીનો નિષ્ફળ પ્રયાસ કર્યા બાદ ઘરમાં પાનની પિચકારીઓ મારીને ફરાર

## ચોરી ન કરી શકવાના રોષમાં તસ્કરે ઘરની અંદર પાનની પિચકારીઓ મારીને ગંદકી કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ શહેરમાં નરોડા વિસ્તારમાં આવેલા આકાશગંગા બંગ્લોઝમાં તસ્કરો ત્રાટક્યા હોવાનો એક વિચિત્ર બનાવ સામે આવ્યો છે. તસ્કરોએ મકાનનું તાળું તોડીને ચોરીનો પ્રયાસ કર્યો. પરંતુ ઘરમાં કિંમતી સામાન ન મળતાં તેણે અનોખી રીતે રોષ વ્યક્ત કરીને ભાગી છૂટ્યા હતા. નરોડાના આકાશગંગા બંગ્લોઝમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મકાનનું તાળું તોડીને ઘરમાં પ્રવેશ કર્યો હતો.જોકે લાંબો સમય શોધખોળ કરવા છતાં તસ્કરોને ઘરમાંથી કોઈ કિંમતી સામાન કે રોકડ મળી નહોતી. પોતાના ચોરીના પ્રયાસમાં નિષ્ફળ જતાં તસ્કરે વિચિત્ર પગલું ભર્યું હતું. ચોરી ન કરી શકવાના રોષમાં તસ્કરે ઘરની અંદર પાનની પિચકારીઓ મારીને ગંદકી કરી હતી. આ ઘટનાથી મકાન માલિકો ચોંકી ઊઠ્યા હતા.

સમગ્ર ઘટના સોસાયટીમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે.CCTV ફૂટેજમાં તસ્કર સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ ફૂટેજના આધારે પોલીસે તસ્કરને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. નરોડા વિસ્તારમાં તસ્કરોની આ હરકતથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે અને સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. પોલીસે CCTV ફૂટેજ કબજે કરીને ચોરીનો પ્રયાસ કરનાર શખ્સને વહેલી તકે પકડી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

# સતત ખરાબ હવામાનથી માછીમારોને ભારે નુકસાન

## ઓગસ્ટ મહિનાથી સતત ખરાબ હવામાનને કારણે માછીમારોને મોટુ નુકસાન પહોંચ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।



ગુજરાતમાં ચાલુ ચોમાસુ સિઝનમાં ભારે વરસાદને કારણે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે. બીજી તરફ શિયાળુ પાકનું વાવેતર કર્યા બાદ માવઠાની અસરને કારણે ખેતરમાં તૈયાર થયેલો ઉભો પાક ધોવાઈ જતાં ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. હાલમાં માવઠાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં મંત્રીઓ દ્વારા નુકસાનીનો તાગ મેળવાઈ રહ્યો છે. ત્યારે માછીમારોએ પણ રાહત પેકેજ જાહેર કરવા માગ કરી છે. ઓગસ્ટ મહિનાથી સતત ખરાબ હવામાનને કારણે માછીમારોને મોટુ નુકસાન પહોંચ્યું છે.

ગુજરાતના ખારવા સમાજના પૂર્વ પ્રમુખે મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરી છે. તેમણે કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, માછીમારીની નવી સિઝન શરૂ થયાના અઢી મહિના દરમિયાન માછીમારોને ખરાબ હવામાન અને વાવાઝોડાને કારણે મોટુ નુકસાન થયું છે. ખારવા સમાજના પૂર્વ પ્રમુખ સુનિલ ગોહેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવી જણાવ્યુ છે કે ૧૫ ઓગસ્ટ ૨૦૨૫થી ગુજરાતમાં માછીમારી સિઝનની શરૂઆત થઈ હતી.અત્યાર સુધીમાં ત્રણથી ચાર ચક્રવાતો અરબી સમુદ્રમાં સર્જાયા છે. જેના કારણે નાની મોટી ૪૦ હજાર બોટોને ફિશરીઝ તથા હવામાન વિભાગ દ્વારા વારંવાર ચેતવણી જાહેર કરવામાં આવી હતી.

દરિયામાં ભારે પવનની સંભાવનાને કારણે માછીમારોને મધ દરિયામાં પહોંચ્યા બાદ પરત ફરવું પડ્યું હતું. અનેક બોટો તાત્કાલિક દરિયા કાંઠે પહોંચી ગઈ હતી. જેના કારણે માછીમારોને દરિયામાં જઈને પણ કોઈ ફાયદો થયો નથી.

# ધારેશ્વર ગામની ધાતરવડી નદીમાં ૪ યુવાનો ડૂબ્યા

## ભારે વરસાદ બાદ નદીમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી આ યુવાનો તણાઈ ગયા હોવાનું માનવામાં આવી રહ્યું છે

। (એજન્સી) અમરેલી, તા.૨૯ ।

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં એક ઘટના સામે આવી છે, જેમાં ધારેશ્વર ગામ નજીક આવેલી ધાતરવડી નદીમાં ન્હાવા પડેલા ચાર યુવાનો ડૂબી ગયા છે. ભારે વરસાદ બાદ નદીમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી આ યુવાનો તણાઈ ગયા હોવાનું માનવામાં આવી રહ્યું છે.આ ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો મોટી સંખ્યામાં મદદ માટે દોડી આવ્યા હતા. તુરંત જ મામલતદાર અને પોલીસની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને યુવાનોની શોધખોળ હાથ ધરી હતી. પરિસ્થિતિની ગંભીરતા જોતાં વહીવટી તંત્ર દ્વારા બચાવ કામગીરીને વધુ ઝડપી બનાવવા માટે તાત્કાલિક કોસ્ટગાર્ડને જાણ કરવામાં આવી છે અને બોટની મદદથી મોટું સર્ચ ઑપરેશન શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

આ દરમિયાન, સ્થાનિક ધારાસભ્ય હીરા સોલંકી પણ ઘટનાસ્થળે તાત્કાલિક આવી પહોંચ્યા હતા. તેમણે માત્ર અધિકારીઓને સૂચના આપી નહોતી, પરંતુ પોતે પણ નદીના પ્રવાહમાં ઉતરીને બચાવ કામગીરીમાં જોડાયા હતા, જે તેમની સંવેદનશીલતા દર્શાવે છે. હાલમાં પોલીસ, તંત્ર અને ગ્રામજનો દ્વારા ડૂબી ગયેલા ચારેય યુવાનોને શોધવા માટે યુદ્ધના ધોરણે પ્રયાસો ચાલુ છે. નદીમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી બચાવ કામગીરીમાં પડકારો આવી રહ્યા છે.

### અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી

# બહુચરાજીમાં ૧૦ વર્ષના માસૂમ બાળકનું વીજ કરંટ લાગવાથી કરુણ મોત

## સ્થાનિકો અને પરિવારજનોએ આ કરુણ દુર્ઘટના માટે વીજ કંપનીની બેદરકારીને જવાબદાર ગણાવી છે

। (એજન્સી) મહેસાણા, તા.૨૯ ।

મહેસાણાના બહુચરાજીમાં વીજ કંપનીની કથિત બેદરકારીને કારણે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જેમાં એક જ પરિવારના પાંચ સભ્યોને વીજ કરંટ લાગ્યો હતો. આ દુર્ઘટનામાં કિસ્મત ઠાકોર નામના ૧૦ વર્ષના માસૂમ બાળકનું વીજ કરંટને કારણે કરુણ મોત નીપજ્યું છે. બહુચરાજીના ઈન્દિરા નગર વિસ્તારમાં આ પરિવાર રહે છે. સવારે ૧૦ વર્ષનો કિસ્મત ઠાકોર પોતાના ઘરના બાથરૂમનો દરવાજો ખોલવા ગયો હતો.તે સમયે બાથરૂમના દરવાજાને ઉપરથી પસાર થતી વીજ સર્વિસ લાઈનનો તાર સ્પર્શતા તેને કરંટ લાગ્યો હતો. જેવો કિસ્મતે દરવાજો ખોલ્યો કે તરત જ તેને જોરદાર વીજ કરંટ લાગ્યો અને તે ત્યાં જ ફસાઈ ગયો હતો. બાળકની ચીસ સાંભળીને તેના પરિવારના અન્ય સભ્યો તેને બચાવવા માટે દોડી આવ્યા હતા. બાળકને બચાવવાના પ્રયાસમાં અન્ય ચાર લોકોને પણ વીજ કરંટ લાગ્યો હતો. જોકે અન્ય લોકોનો બચાવ થયો હતો.

પરંતુ વીજ કરંટની તીવ્રતાને કારણે ૧૦ વર્ષના કિસ્મત ઠાકોરનું મોત નીપજ્યું હતું. સ્થાનિકો અને પરિવારજનોએ આ કરુણ દુર્ઘટના માટે વીજ કંપનીની બેદરકારીને જવાબદાર ગણાવી છે. બાથરૂમ પરથી પસાર થતી સર્વિસ લાઈનના કારણે આ બાળકનો ભોગ લેવાયો હોવાનો તેમણે ગંભીર આરોપ લગાવ્યો છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બહુચરાજીના ઈન્દિરા નગર વિસ્તારમાં આ પરિવાર રહે છે. સમયે બાથરૂમના દરવાજાને ઉપરથી પસાર થતી વીજ સર્વિસ લાઈનનો તાર સ્પર્શતા તેને કરંટ લાગ્યો હતો. બાળકની ચીસ સાંભળીને તેના પરિવારના અન્ય સભ્યો તેને બચાવવા માટે દોડી આવ્યા હતા. બાળકને બચાવવાના પ્રયાસમાં અન્ય ચાર લોકોને પણ વીજ કરંટ લાગ્યો હતો. જોકે અન્ય લોકોનો બચાવ થયો હતો.

# સરસ્વતી નદી બે કાંઠે વહેતી થઈ, માધવરાય ભગવાનનું મંદિર જળમગ્ન

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૨૯ ।

ગીર સોમનાથ જિલ્લામાં અનરાધાર અને અતિભારે કમોસમી વરસાદના કારણે નદીઓ બે કાંઠે વહેતી થઈ છે. સતત વરસતા વરસાદના પરિણામે પૌરાણિક નદી સરસ્વતીમાં ઘોડાપૂર આવ્યું છે, જેના કારણે પવિત્ર યાત્રાધામ પ્રાચીન તીર્થ ખાતે આવેલું સુપ્રસિદ્ધ માધવરાય ભગવાનનું મંદિર સંપૂર્ણપણે જળમગ્ન થઈ ગયું છે.

નદીમાં પાણીની સપાટી એટલી હદે વધી ગઈ છે કે, તે આસપાસના વિસ્તારોમાં ફરી વળ્યા છે. માધવરાય ભગવાનના મંદિરના ગર્ભગૃહમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. ભગવાન માધવરાયની પ્રતિમા ઉપર પણ ૮થી ૧૦ ફૂટ જેટલું પાણી ફરી વળ્યું છે. પૂરના પાણી ઓસરે નહીં ત્યાં સુધી મંદિરના દર્શન અને પૂજા-અર્ચના બંધ કરી દેવામાં આવ્યા છે. પૌરાણિક મંદિર જળમગ્ન થતાં શ્રદ્ધાળુઓમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

હવામાન વિભાગે આગામી ત્રણ કલાક દરમિયાન ગીર સોમનાથ જિલ્લામાં વધુ ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે. તંત્ર દ્વારા નદી કાંઠાના વિસ્તારોના લોકોને સાવચેત રહેવા અને સુરક્ષિત સ્થળે ખસી જવા માટેની સૂચના આપી દેવામાં આવી છે. હવામાન વિભાગે આગામી ત્રણ કલાક દરમિયાન ગીર સોમનાથ જિલ્લામાં વધુ ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે. તંત્ર દ્વારા નદી કાંઠાના વિસ્તારોના લોકોને સાવચેત રહેવા અને સુરક્ષિત સ્થળે ખસી જવા માટેની સૂચના આપી દેવામાં આવી છે.


### પ્રેમ સંબંધમાં ત્રંબામાં યુવકની થઈ હતી હત્યા

# રાપરના ત્રંબામાં યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો

। (એજન્સી) કચ્છ, તા.૨૯ ।

કચ્છ જિલ્લાના રાપર તાલુકાના ત્રંબા ગામમાં થોડા સમય પહેલા થયેલા યુવકની હત્યાના કેસનો ભેદ આખરે પોલીસે ઉકેલી નાખ્યો છે.

પોલીસે આ હત્યાકાંડમાં સંડોવાયેલા આરોપીની ધરપકડ કરીને તેને સાથે રાખીને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. ત્રંબામાં ધનસુખ ડોડીયા નામના યુવકની હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાની તપાસ દરમિયાન પોલીસે ચોંકાવનારી વિગતો મેળવી હતી. જેમાં જાણવા મળ્યું કે આ હત્યાનું મૂળ કારણ પ્રેમ સંબંધ હતું.પોલીસે સઘન તપાસના આધારે હત્યા કરનાર આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીની પૂછપરછમાં તેણે ગુનો કબૂલી લીધો હતો. વધુમાં ઘટના કઈ રીતે બની અને હત્યા કેવી રીતે કરવામાં આવી તે જાણવા માટે પોલીસે આરોપીને સાથે રાખીને બનાવ સ્થળ એટલે કે ત્રંબા ગામની મુલાકાત લીધી હતી. પોલીસે આરોપીની હાજરીમાં સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. જેથી હત્યાના દરેક પાસાને સ્પષ્ટ રીતે સમજી શકાય.ઘટનાસ્થળે જ્યારે આરોપીને લઈ જવામાં આવ્યો. ત્યારે તે લંગડાતો




ચાલતો જોવા મળ્યો હતો. કદાચ હત્યાના પ્રયાસ દરમિયાન અથવા હત્યા બાદ ભાગતી વખતે તેને ઈજા પહોંચી હોવાનું અનુમાન છે.

પોલીસે હવે આ હત્યાના ગુનામાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આરોપી સામે મજબૂત પુરાવા એકઠા કરવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રેમ સંબંધમાં થયેલી આ હત્યાએ ત્રંબા ગામ અને રાપર પંથકમાં ચકચાર જગાવી છે.

### ૩૬ કિલોમીટરના રૂટ પર લાખો યાત્રિકો માટે ચુસ્ત બંદોબસ્ત : પરિક્રમામાં પ્લાસ્ટિકની કોઈપણ ચીજવસ્તુ લઈ જઈ શકાશે નહીં અને તેનું ઉલ્લંઘન દંડનીય અપરાધ ગણાશે

# ડભોઈ તાલુકાના રાજલી-મંડાળા રોડ પર માર્ગ દુરસ્તીકરણની કામગીરી હાથ ધરાઈ

।(એજન્સી) કચ્છ, તા.૨૯।

ગિરનારની લીલી પરિક્રમા આગામી ૨ નવેમ્બરથી શરૂ થવા જઈ રહી છે. આ માટે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આ વર્ષે 'પ્લાસ્ટિક મુક્ત ગિરનાર' અભિયાન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે અને પરિક્રમા રૂટ પર પ્લાસ્ટિકના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.લાખો શ્રદ્ધાળુઓ આ ૩૬ કિલોમીટર લાંબી પરિક્રમામાં જોડાવાના હોવાથી તેમની સુરક્ષા, સ્વાસ્થ્ય અને સુવિધા જળવાઈ રહે તે માટે કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ ચુસ્ત આયોજન કરવામાં આવ્યું છે. પરિક્રમાના પ્રવેશદ્વાર પર પ્લાસ્ટિકની વસ્તુઓ અંદર ન જાય તે માટે સઘન ચેકિંગ અને યાત્રાળુઓને માર્ગદર્શન આપવામાં આવશે. કલેક્ટરે સ્પષ્ટતા કરી હતી કે, પરિક્રમામાં પ્લાસ્ટિકની કોઈપણ ચીજવસ્તુ લઈ જઈ શકાશે નહીં અને તેનું ઉલ્લંઘન દંડનીય અપરાધ ગણાશે.પરિક્રમાના સમગ્ર ૩૬





કિલોમીટર લાંબા રૂટ પર સુરક્ષા, આરોગ્ય અને સુવિધાઓનું સંકલન જળવાઈ રહે તે માટે પોલીસ, ફોરેસ્ટ, પીજીવીસીએલ, પાણી પુરવઠા અને હેલ્થ વિભાગના કર્મચારીઓ રાઉન્ડ ધ ક્લોક ફરજ પર રહેશે. ઈમરજન્સીમાં ત્વરિત સહાય માટે તમામ સંબંધિત વિભાગો ડ્યુટી લિસ્ટ પોલીસ વિભાગને સોંપશે. ભાવિકોને શુદ્ધ પાણીની કોઈ તકલીફ ન પડે તે માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા પરિક્રમાના રૂટ પર ૫,૦૦૦ લીટરની ક્ષમતાની લગભગ ૪૨ જેટલી પાણીની ટાંકીઓ ગોઠવવામાં આવી રહી છે.સ્વાસ્થ્ય માટે વિશેષ આયોજન કરાયું છે. પોલીસ અને ફોરેસ્ટની જેટલી પણ ચોકીઓ છે, ત્યાં દરેકે દરેક પોઈન્ટ પર હેલ્થના કર્મચારીઓ જરૂરી દવાઓ અને સામગ્રી સાથે ઉપસ્થિત રહેશે. તાત્કાલિક સારવાર માટે પ્રાથમિક સારવાર કેન્દ્રો, હંગામી દવાખાના અને વ્યૂહાત્મક પોઈન્ટ પર એમ્બ્યુલન્સની પણ વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા પોલીસની ચોકીઓ ખાતે પણ જરૂરિયાત મુજબ ૪૦ જેટલી વધારાની ટીમો તૈનાત કરવામાં આવી છે. વધુ ચઢાણવાળા ઈમરજન્સી વિસ્તારો માટે વધારાના ૧૦ સ્ટ્રેચર રાખવામાં આવ્યા છે, તેમજ ઝીણાબાવાની મઢી, શ્રવણની કાવડ અને બોરદેવી ત્રણ રસ્તા ખાતે ૩ એમ્બ્યુલન્સ તૈયાર રખાશે. યાત્રિકોની સુવિધા માટે ૨૫૦ જેટલી એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨



માછલીપટ્ટનમમાં ચક્રવાત મોન્થા વીજળીના તારોને નુકસાન પહોંચાડે છેઃ આંધ્રપ્રદેશના માછલીપટ્ટનમમાં ચક્રવાત મોન્થાના કારણે થયેલા વિનાશને કારણે રસ્તા પર એક તૂટેલો વીજળીનો થાંભલો પડેલો છે અને વાયરો વિખેરાઈ ગયા છે.

### અમેરિકાની પૂર્વ મંત્રીની ચેતવણી

# ભારત સાથે સંબંધો ખરાબ કરી મોટી ભૂલ કરી રહ્યા છે ટ્રમ્પ

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯।

અમેરિકાના પૂર્વ વાણિજ્ય સચિવ જીના રાયમોન્ડોએ પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' વેપાર નીતિની આકરી ટીકા કરી છે. તેમણે ટ્રમ્પની નીતિને 'અમેરિકા અલોન' (અમેરિકા એકલું) નીતિ ગણાવી હતી અને ચેતવણી આપી હતી કે અમેરિકા તેના મુખ્ય સાથીઓ, ખાસ કરીને ભારતથી દૂર જઈને મોટી ભૂલ કરી રહ્યું છે. જીના રાયમોન્ડોએ હાર્વર્ડ કેનેડી સ્કૂલ ખાતેના એક કાર્યક્રમમાં આ



નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, 'ટ્રમ્પ વહીવટીતંત્રે આપણા બધા સાથીઓને ગુસ્સે કર્યા છે. અમેરિકા ફર્સ્ટ ખૂબ જ ખતરનાક નીતિ છે. ટ્રમ્પ વહીવટીતંત્રની ૨૦ સૌથી મોટી ટીકાઓમાં, હું જે સૌથી વધુ ક્રમાંક આપું છું તે એ છે કે તેણે આપણા બધા સાથીઓને ગુસ્સે કર્યાં છે.'

ભારત સાથેના સંબંધો પર ભાર મૂકતા જીના રાયમોન્ડોએ સ્પષ્ટ કહ્યું કે, 'આપણે ભારત સાથે ગંભીર ભૂલ કરી રહ્યા છીએ. એક નબળું અમેરિકા, યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ અને જાપાન માટે સારો મિત્ર કે ભાગીદાર નથી.' તેમણે ચેતવણી આપી હતી કે અમેરિકા એવું વિચારે કે અન્ય દેશો તેના પાછા ફરવાની રાહ જોશે તે માત્ર ઘમંડ છે. તેમણે ઉમેર્યું, 'ચીન યુરોપ, આફ્રિકા, લેટિન અમેરિકા અને દક્ષિણપૂર્વ એશિયામાં સક્રિય છે, જ્યારે આપણે આપણા પોતાના સાથીઓથી દૂર જઈ રહ્યા છીએ.' અમેરિકન રાજદ્વારી નીતિને ફરીથી દિશા આપવા આહ્વાન કરતાં પૂર્વ સચિવે કહ્યું કે, 'મને નથી લાગતું કે આપણે યુરોપ અથવા દક્ષિણપૂર્વ એશિયાના મોટા ભાગ સાથે મજબૂત સંબંધો વિના અસરકારક રહી શકીએ.

## ન્યૂઝ બ્રિફ

### અતિવૃષ્ટિ સહાયના રૂ.૧૭૬૯ કરોડમાંથી ૫૦૦ કરોડ પણ ખેડૂતોને ચૂકવાયા નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

રાજ્યમાં ખેડૂતોના ચાલુ વર્ષના પાક ધિરાણ સંપૂર્ણ માફ કરવા ગુજરાત કિસાન કોંગ્રેસે રજૂઆત કરી છે. તેમાં જણાવ્યા મુજબ, જ્યારે ખરીફ પાક તૈયાર છે અને આ તૈયાર પાકને ખેતરમાંથી લણણી કરવાનો જ સમય છે, ત્યારે જ કુદરત રૂઠી છે અને ખેડૂતોના ખેતરમાં કાપેલા પાક પર માવઠારૂપી પાણી ફરી વળ્યું છે તેનાથી માઠી હાલત થઈ છે.પત્રમાં ઉમેર્યુ છે કે ૨૦૨૪ના જુલાઈ અને ઓગષ્ટ મહિનામાં થયેલી અતિવૃષ્ટિ માટે સરકારે અનુક્રમે ૩૧૯ કરોડ અને ૧૪૫૦ કરોડ એમ કુલ મળીને ૧૭૬૯ કરોડની જાહેરાત તો કરી દીધી, પણ વાસ્તવમાં સરકારે ૧૭૬૯ કરોડમાંથી ૫૦૦ કરોડ પણ ચૂકવ્યા નથી. એ જ રીતે ઓક્ટોબર ૨૦૨૪માં આવેલ માવઠા માટે સરકારે આ માવઠાના ૧૦ મહિના સુધી પેકેજ પાઈપ લાઈનમાં છે એવું જ કહ્યા રાખ્યા બાદ જ્યારે ઓગષ્ટ ૨૦૨૫માં આ પેકેજ જાહેર કર્યુ ત્યારે માત્ર ૬ જિલ્લાઓ માટે જ જાહેર કર્યુ અને એ પણ માત્ર કપાસના પાક માટે જ પેકેજ જાહેર કર્યુ. જૂના પેકેજ પૈકી એકેય ખેડૂતને એક રૂપિયો પણ આજે એક વર્ષ પુરુ થયા પછી પણ મળ્યો નથી એવો આક્ષેપ કિસાન નેતાએ કર્યો છે.

### દેશભરમાં નોંધાયેલા તમામ ડિજિટલ એરેસ્ટ કેસની તપાસ CBIને સોંપવા વિચારણા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

દેશભરમાં ડિજિટલ એરેસ્ટના કિસ્સાઓમાં ચિંતાજનક વધારાના પગલે સુપ્રીમ કોર્ટે આવા તમામ કેસની તપાસ સીબીઆઈને સોંપવાની વિચારણા હાથ ધરી છે. દેશભરમાં ડિજિટલ એરેસ્ટના ગુના સંદર્ભે નોંધાયેલી એફઆઈઆરની વિગતો સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારો અન કેન્દ્ર શાસિત પ્રદેશો પાસે માગી છે. પોલીસ-સીબીઆઈ અધિકારી અથવા સરકારી અધિકારીના સ્વાંગમાં સામાન્ય નાગરિકો સાથે ઠગાઈ આચરનારા તત્ત્વોએ દેશભરમાં તરખાટ મચાવ્યો છે. ઓડિયો અથવા વીડિયો કોલ મારફતે પીડિતને ડિજિટલ એરેસ્ટ કરીને જંગી નાણાં પડાવવાના કિસ્સા વધી રહ્યા છે. જસ્ટિસ સૂર્યા કાંત અને જોયમલય બાગચીની બેન્ચે આ પ્રકારના કિસ્સાઓની ગંભીર નોંધ લઈ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ડિજિટલ એરેસ્ટ કેસ સંદર્ભે નોટિસ પાઠવી છે.

### સુપ્રીમ કોર્ટે ગાઈડલાઈન્સમાં ૧૫ મુદ્દા સૂચવ્યા

# વિદ્યાર્થીઓની આત્મહત્યા મુદ્દે સુપ્રીમે કેન્દ્રનો ખુલાસો માગ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓની મેન્ટલ હેલ્થ જાળવવા તથા આત્મહત્યા અટકાવવા બાબતે સુપ્રીમ કોર્ટે અગાઉ માર્ગદર્શિકા જાહેર કરી હતી. કેન્દ્ર સરકારને ૮ અઠવાડિયામાં તેના અમલ અંગેનો અહેવાલ રજૂ કરવા સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યા છે. જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મેહતાની બેન્ચે માર્ગદર્શિકાના અમલ માટે કેન્દ્ર દ્વારા લેવાયેલાં ૫ગલાંનો અહેવાલ સોગંદનામા સ્વરૂપે રજૂ કરવા નિર્દેશ આપ્યા છે. સુપ્રીમ કોર્ટે ૨૫ જુલાઈના રોજ આપેલા ચુકાદામાં કેન્દ્ર સરકારને ગાઈડલાઈન્સ સૂચવી હતી. જેમાં સુપ્રીમ કોર્ટે તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને તમામ પ્રાઈવેટ કોચિંગ સેન્ટર્સમાં વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન ફરજિયાત કરવા, બે મહિનામાં અમલ થઈ શકે તેવા નિયમો ઘડવા અને વિદ્યાર્થીઓના રક્ષણના ધોરણો નક્કી કરવા નિર્દેશ આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૯૦ દિવસમાં ગાઈડલાઈન્સના અમલનું સોગંદનામુ



રજૂ કરવા અગાઉ નિર્દેશ આપ્યા હતા. આગામી આઠ અઠવાડિયામાં ગાઈડલાઈન્સના અમલનો જવાબ રજૂ કરવા તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આદેશ આપ્યો છે અને કેસની વધુ સુનાવણી જાન્યુઆરી મહિનામાં રાખી છે. શૈક્ષણિક સંસ્થાઓમાં વધી રહેલા આત્મહત્યાના કિસ્સાઓની ગંભીર નોંધ લેતાં સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થીઓની મેન્ટલ હેલ્થની જાળવણી તથા આપઘાતના કિસ્સા નિવારવા માટે ચોક્કસ માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટે આ સાથે દેશભરની શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ સેન્ટર્સમાં વિદ્યાર્થીઓ માટે મોકળાશસભર માહોલની જરૂરિયાત છે અને તેના માટે સમાન કાનૂની-નિયમનકારી માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટે ગાઈડલાઈન્સમાં ૧૫ મુદ્દા સૂચવ્યા હતા અને વિદ્યાર્થીલક્ષી જોગવાઈઓના કાનૂની અમલ માટે સક્ષમ સત્તામંડળની રચના ન થાય ત્યાં સુધી ગાઈડલાઈન્સને અમલી રાખવા નિર્દેશ આપ્યા હતા.

### રશિયા હજી પણ ભારતનું ટોચનું પુરવઠાકાર

# ભારતની અમેરિકામાંથી ક્રૂડની આયાત ત્રણ વર્ષની ટોચે પહોંચી

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

અમેરિકા ખાતેથી ભારતની ક્રૂડ ઓઈલની આયાત ૨૭મી ઓક્ટોબરના રોજ ઓક્ટોબર ૨૦૨૨ પછીના સૌથી ઊંચા સ્તર પ્રતિ દિન ૫.૪૦ લાખ બેરલે ૫હોંચી છે.વાર્ષિક બીજી બાજુએ રશિયાએ ભારતના ટોચના આયાતકાર તરીકેનું બિરુદ જાળવી રાખ્યું છે. આ બતાવે છે કે ભારત હજી પણ રશિયા અને અમેરિકાની વચ્ચે સંતુલિત અભિગમ અપનાવી રહ્યું છે. તેની સાથે અમેરિકા સાથે ટ્રેડ ડીલનો માર્ગ મોકળો કરવા આગળ વધી રહ્યું છે. ભારત ઓક્ટોબરના અંત સુધીમાં અમેરિકા પાસેથી પ્રતિ દિન ૫.૭૫ લાખ બેરલ ક્રૂડ ખરીદે તેવી સંભાવના છે. જ્યારે નવેમ્બરમાં આ ખરીદી પ્રતિ દિન ચાર લાખથી ૪.૫૦ લાખ બેરલ રહી શકે છે. આ આંકડો ગયા વર્ષની પ્રતિ દિન ત્રણ લાખ બેરલની સરેરાશ કરતાં વધારે છે. રશિયા પછી





ઈરાક ભારતને ઓઈલ પુરવઠો પૂરો પાડવામાં બીજા ક્રમે આવે છે. તેના પછી ત્રીજા ક્રમે સાઉદી અરેબિયા આવે છે.સરકાર અને વેપારી વર્તુળોએ જણાવ્યું છે કે રિફાઈનરોએ યુએસ ગ્રેડ જેવા કે મિડલેન્ડ ડબલ્યુટીઆઈ અને માર્સ પાસેથી બુકિંગ્સ વધાર્યુ છે, જેથી ક્રૂડ ઓઈલના પુરવઠામાં વૈવિધ્યતા લાવી શકાય, તેની સાથે વોશિંગ્ટન સાથે સહયોગ વધારી રહ્યા હોવાના સંકેત ૫ાઠવી શકાય. રશિયાની ઓઈલ કંપની રોસનેફ્ટ અને લુકોઈલ પર પ્રતિબંધ લાદવામાં આવવાના કારણે ભારતીય રીફાઈનરોએ અમેરિકા ભણી વળવું પડયું છે. આ ઉપરાંત અમેરિકામાંથી ક્રૂડ ઓઈલની આયાતમાં વધારાને બંને દેશ વચ્ચેના વેપાર સંબંધો સુધારવાના પ્રયત્ન તરીકે જોવામાં આવી રહ્યા છે. અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ નાખ્યો છે.

### નાણા મંત્રાલય-રિઝર્વ બેંક વચ્ચે ચાલતી ગહન ચર્ચા

# પીએસયુ બેન્કોમાં ૪૯ ટકા સુધી વિદેશી રોકાણની છૂટની વિચારણા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૯ ।

ભારત તેની સરકારી બેંક્રોમાં વિદેશી રોકાણની મર્યાદા હાલના ૨૦ ટકાથી વધારી ૪૯ ટકા સુધી કરવાનું આયોજન કરી રહ્યું છે, એમઆ નીતિગત હિલચાલ સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું. નાણા મંત્રાલય આ મુદ્દે છેલ્લા કેટલાક મહિનાઓથી રિઝર્વ બેંક સાથે ચર્ચા કરી રહ્યું છે. જો કે હજી સુધી આ માટેની દરખાસ્તને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. ભારતની બેંક્રોમાં વિદેશી રોકાણકારોનો રસ વધ્યો છે. દુબઈ સ્થિત એમિરેટ્સ એનબીડીએ તાજેતરમાં જ આરબીએલ બેંકમાં ત્રણ અબજ ડોલરમાં ૬૦ ટકા હિસ્સો ખરીદ્યો છે. તેના પહેલા જાપાનની સુમિતોમો મિત્સુઈએ યસ બેંકમાં ૧.૬ અબજ ડોલરમાં ૨૦ ટકા હિસ્સો ખરીદ્યો હતો. તેના થોડા સમય પછી આ હિસ્સો પાંચ ટકા વધારીને ૨૫ ટકા કર્યો છે.

આ બતાવે છે કે વિદેશી





રોકાણકારોને ભારતીય બેંક્રોમાં કેટલો રસ છે. સરકારી બેંક્રોને પણ હવે વિદેશી રોકાણકારોમાં રસ પડયો છે. તેઓને તેમા નાણા મેળવવાનો માર્ગ દેખાઈ રહ્યો છે. વિદેશી રોકાણની મર્યાદા વધારવામાં આવતા પીએસયુ બેંક્રોને પણ મોટાપાયા પર ભંડોળ મળી શકે છે. તેની સાથે સરકાર પરનું તેનું અવલંબન પણ ઘટી શકે છે. હાલમાં સરકારી બેંક્રોમાં વિદેશી રોકાણકારોના રોકાણ પર ૨૦ ટકાની ટોચમર્યાદા છે. સરકારી બેંક્રો અને ખાનગી બેંક્રોમાં વિદેશી રોકાણને લઈને જે તફાવત છે તે દૂર કરવાની દિશામાં આ પગલું લેવામાં આવી રહ્યુ છે.

### ભારતમાં બનશે સુખોઈ સુપરજેટ SJ-૧૦૦

# અમેરિકાના દબાણ વચ્ચે ભારત અને રશિયા વચ્ચે ખાસ ડીલ

## આ પ્રોજેક્ટ માત્ર ભારતના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને જ નહીં પરંતુ 'મેક ઇન ઇન્ડિયા' પહેલને પણ મજબૂત બનાવશે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૯ ।

ભારતે રશિયા સાથે ઉડ્ડયન ક્ષેત્રમાં એક મોટું પગલું ભર્યું છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) અને રશિયાની પબ્લિક જોઈન્ટ સ્ટોક કંપની યુનાઈટેડ એરક્રાફ્ટ કોર્પોરેશન (PJSC-UAC) એ સોમવારે (૨૭ ઓક્ટોબર) મોસ્કોમાં એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ, સુખોઈ સુપરજેટ SJ-૧૦૦ સિવિલ કોમ્યુટર એરક્રાફ્ટ ભારતમાં બનાવવામાં આવશે.આ ટ્વીન-એન્જિન, નેરો-બોડી એરક્રાફ્ટમાં આશરે ૧૦૦ મુસાફરોની ક્ષમતા અને આશરે ૩,૦૦૦ કિલોમીટરની રેન્જ છે. તે ખાસ કરીને સ્થાનિક ફ્લાઈટ્સ માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. એવું નોંધાયું છે કે વિશ્વભરમાં આવા ૨૦૦ થી વધુ



એરક્રાફ્ટ બનાવવામાં આવ્યા છે અને ૧૬ થી વધુ એરલાઈન ઓપરેટરો દ્વારા ઉપયોગમાં લેવાય છે.નિષ્ણાતોના મતે, ભારતમાં SJ-૧૦૦ નું ઉત્પાદન દેશની પ્રાદેશિક હવાઈ જોડાણ યોજના UDAN (ઉડે દેશ કા આમ નાગરિક) માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. જે દેશના નાના શહેરો અને નગરોને હવાઈ નેટવર્ક સાથે જોડવામાં નોંધપાત્ર રીતે મદદ કરશે. આ કરાર બાદ HAL ને ભારતમાં SJ-૧૦૦ વિમાનના ઉત્પાદન માટે વિશિષ્ટ અધિકારો પ્રાપ્ત થયા છે. આ પ્રોજેક્ટ માત્ર ભારતના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને જ નહીં પરંતુ 'મેક ઈન ઈન્ડિયા' પહેલને પણ મજબૂત બનાવશે.આ પ્રોજેક્ટ ભારતના ઉડ્ડયન ઉત્પાદન ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રદાન કરે તેવી અપેક્ષા છે. આ HAL માટે માત્ર એક ટેકનોલોજીકલ સફળતા જ નહીં પરંતુ ભારતના આત્મનિર્ભરતા (આત્મનિર્ભર ભારત) ને પણ એક નવી ગતિ આપશે. વિમાન ઉત્પાદન સંબંધિત સ્પેરપાર્ટ્સ, જાળવણી અને સપ્લાય ચેઈનમાં પણ હજારો રોજગારીની તકો ઊભી થશે. રશિયા સાથે પહેલાથી જ મજબૂત સંરક્ષણ ભાગીદારીના આધારે, નાગરિક ઉડ્ડયનમાં આ સહયોગ બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવશે.

### જયપુરમાં ફરી બસમાં લાગી ભયંકર આગ, ૨ના મોત, ૫ મજૂર ગંભીર રીતે ઘાયલ

।(એજન્સી) જયપુર, તા.૨૯।

જયપુરમાં મનોહરપુર વિસ્તારમાં આજે સવારે મજૂરોથી ભરેલી બસના હાઈટેન્શનને ટચ થવા પર બસમાં આગ લાગી ગઈ. આ દરમિયાન બસમાં કરંટ દોડ્યો અને જેમાં ૧૦ મજૂરો બળ્યા તેની જાણકારી સામે આવી છે. જેમાં ૫ મજૂરો ગંભીર રીતે ઘાયલ છે. જાણકારી અનુસાર ટોડી સ્થિત ઈંટ ભટ્ટા પર મજૂરોને બસથી લાવવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન ૨ લોકોના મોત નીપજ્યા છે. રાજસ્થાનના જયપુરમાં એક મોટો અકસ્માત સામે આવ્યો છે. જ્યાં મજૂરોને લઈને જઈ રહેલી બસ હાઈ-ટેન્શન લાઈનના તારના સંપર્કમાં આવી ગઈ. આ ઘટનામાં ૧૦થી વધુ મજૂરો સળગ્યા અને બેના મોત થયા. જયપુર ગ્રામ્યના મનોહરપુર વિસ્તારમાં આ દુર્ઘટના બની છે, જ્યાં મજૂરો ભરેલી બસમાં કરંટ ફેલાઈ ગયો. હાઈ-ટેન્શન લાઈનને અડતા જ બસમાં આગ લાગી ગઈ. અકસ્માતમાં બસમાં સવાર ૧૦ મજૂરો વીજપ્રહારની ઝપેટમાં આવી ગયા. ઘાયલ શ્રમિકોને ગંભીર હાલતમાં શાહપુરા ઉપજિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે ૫ લોકોને ગંભીર ઈજાઓને કારણે જયપુર રેફર કરવામાં આવ્યા છે. ટોડી સ્થિત ઈંટ ભઠ્ઠી પર મજૂરોને લઈ આ બસ આવી રહી હતી. માહિતી મળતાં જ મનોહરપુર થાનાની પોલીસ સ્થળ પર પહોંચી અને બચાવકાર્ય શરૂ કરાયું. માહિતી મુજબ, મજૂરો ભરેલી બસ ઉત્તર પ્રદેશથી મનોહરપુરના ટોડી સ્થિત ઈંટ ભઠ્ઠી તરફ આવી રહી હતી. રસ્તામાં બસ ઊંચા વિસ્તારમાંથી પસાર થતી હતી, ત્યારે તે ૧૧ હજાર વોલ્ટની લાઈનના સંપર્કમાં આવી ગઈ. જેના કારણે બસમાં કરંટ ફેલાઈ ગયો અને સ્પાર્કિંગથી આગ લાગી ગઈ. ઘટનાના બાદ સ્થળ પર ચીંખોચીંખ અને અફરાતફરી મચી ગઈ. મનોહરપુર થાનાની પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને ઘાયલોને શાહપુરા ઉપજિલ્લા હોસ્પિટલ પહોંચાડ્યા. ગંભીર રીતે બળી ગયેલાં ૫ મજૂરોને જયપુરમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા.

### બાંગ્લાદેશે ઝાકિર નાઇક માટે લાલ જાજમ પાથરી

# બાંગ્લાદેશે ભારતના પૂર્વના રાજ્યોને પોતાના દર્શાવતો નક્શો બનાવી દીધો

। (એજન્સી) ઢાકા, તા.૨૯ ।

બાંગ્લાદેશના કાર્યકારી પ્રમુખ મોહમ્મદ યુનુસે પાકિસ્તાની જનરલ સાહિર શમશાદ મિર્ઝાને એક વિવાદાસ્પદ નક્શો ભેટમાં આપ્યો છે, જેમાં ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોને બાંગ્લાદેશનો ભાગ દર્શાવવામાં આવ્યા છે, આ વાતને લઈને વિવાદ ઊભો થયો છે.જનરલ સાહિર શમશાદ મિર્ઝા અને મોહમ્મદ યુનુસ શનિવારે મોડી રાત્રે મળ્યા હતા, ભારતીય વિદેશ મંત્રાલયે હજુ સુધી આ વિવાદ પર સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી. યુનુસે પાકિસ્તાની અધિકારીને 'ધ આર્ટ ઓફ ટ્રાયમ્ફ' નામનું પુસ્તક ભેટમાં આપ્યું હતું. આ પુસ્તકના કવર પર છપાયેલા બાંગ્લાદેશના નક્શાને કારણે વિવાદ ઊઠ્યો છે. પુસ્તકના કવરમાં ઉત્તરપૂર્વના સાત રાજ્યોને બાંગ્લાદેશનો ભાગ દર્શાવાયા છે. કટ્ટરપંથી ઈસ્લામિક જૂથો આ નક્શાને ગ્રેટર બાંગ્લાદેશ તરીકે રજૂ કરે છે.પાકિસ્તાની જનરલ સાહિર શમશાદ મિર્ઝા ૨૪ ઓક્ટોબરના છ સભ્યોના પ્રતિનિધિમંડળ સાથે ઢાકા પહોંચ્યા હતા. મુલાકાત દરમિયાન તેમણે બાંગ્લાદેશના નેતા મોહમ્મદ યુનુસ સહિત વરિષ્ઠ લશ્કરી અને નાગરિક નેતાઓ સાથે સંરક્ષણ તથા સુરક્ષા સહયોગ વધારવા અંગે વાતચીત કરી હતી. ૧૯૭૧ના મુક્તિ સંગ્રામ બાદ પાકિસ્તાન અને બાંગ્લાદેશના સંબંધઓ ઐતિહાસિક રીતે સંઘર્ષપૂર્ણ રહ્યા છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમાં નિકટતા જોવા મળી રહી છે. બાંગ્લાદેશે આ વિવાદિત નકશામાં





આસામ સહિત કેટલાક પૂર્વોત્તરના રાજ્યોને બાંગ્લાદેશનો હિસ્સો ગણાવ્યા હતા.યુનુસે પાક. જનરલ સાથેની તસવીરો ટ્વીટ કરી હતી. યુનુસની પોસ્ટ બાદ કેટલાક વિશ્લેષકો અને પત્રકારોએ સોશિયલ મીડિયા પર બાંગ્લાદેશના નેતા પર ભારતના સાર્વભૌમ ક્ષેત્ર પર વગર આમંત્રણે દખલ કરવાનો આક્ષેપ લગાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ ૨૦૨૪માં બાંગ્લાદેશમાં શેખ હસિનાના નેતૃત્વ હેઠળની આવામી લીગ સરકારનું હિંસક વિદ્યાર્થી આંદોલન બાદ પતન થયું હતું. ત્યારપછી યુનુસે કાર્યકારી પ્રમુખનું પદ સંભાળતા બાંગ્લાદેશ-પાકિસ્તાનના સંબંધો સુધર્યા હતા. યુનુસે ભારતના પૂર્વોત્તરના રાજ્યોનો ઉલ્લેખ કર્યો હોય તેવી આ પ્રથમ ઘટના નથી. એપ્રિલમાં યુનુસે તેની પ્રથમ ચીન યાત્રામાં જણાવ્યું હતું કે, પૂર્વોત્તર ભારત જમીનથી ઘેરાયેલું હોવાથી બાંગ્લાદેશ આ ક્ષેત્રમાં દરિયાનું એકમાત્ર સંરક્ષક છે. આમ તેમણે ચીનને આ ક્ષેત્રમાં પોતાનો પ્રભાવ વધારવા અને અર્થવ્યવસ્થાને મજબૂત કરવા પ્રોત્સાહિત કર્યુ હતું. બાંગ્લાદેશના પૂર્વ વડપ્રધાન શેખ હસીનાએ ભારત વિરુદ્ધ ઝેર ઓકનારા અને ભાગેડુ ઝાકિર નાઈક પર નવ વર્ષ સુધી પ્રતિબંધ મૂક્યો હતો. જો કે નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની બાંગ્લાદેશની કાર્યકારી સરકાર વિવાદિત ઈસ્લામિક ઉપદેશક અને ભારતમાં વોન્ટેડ ઝાકિર નાઈકનું આગામી મહિને ભવ્ય સ્વાગત કરવા તૈયારી કરી રહી છે. કટ્ટરપંથી ભાષણો તથા વિવાદાસ્પદ ટિપ્પણી માટે જાણીતા નાઈક ૨૮ નવેમ્બરથી ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી સૌપ્રથમ વખત બાંગ્લાદેશનો પ્રવાસ કરશે. ઝાકિર નાઈકની એક મહિનાની યાત્રાને યુનુસ સરકારે મંજૂરી આપી છે.

તંત્રી લેખ...

# ધાર્મિક નારાઓ વિશે હવે આઝમ ખાન સલાહ આપે છે

જેલમાં સજા કાપી આવેલા સમાજવાદી પક્ષના નેતા અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મંત્રી આઝમ ખાનને એકાએક જ્ઞાન લાધ્યું છે. નવાઈની વાત એ છે કે એક સમયએ કોંગ્રેસમાં મોટુ સ્થાન ધરાવતા એડવોકેટ કપીલ સિબ્બલએ આઝમ ખાનની મુલાકાત લીધી છે. આઝમ ખાનએ કહ્યું છે કે, 'મે વિધાનસભામાં પહેલાં પણ કહ્યુ હતું કે જો કોઈ નારા - એ - તકબીર અલ્લાહ હુ અકબરનો નારો એટલા માટે લગાવે કે બાજુમાં સુતેલું બાળક ઉઠી જાય અને ભય ફેલાય તો હું કહીશ કે આ નારો ઈસ્લામનો નથી. એજ રીતે જો કોઈ હર હર મહાદેવનો નારો લગાવે અને ડર ફેલાવવાની કોશિષ કરે તો પણ હું કહીશ કે આ ધર્મનો નારો નથી. આ વિચારીને જ અમે સમાજવાદી પાર્ટી બનાવી હતી.'

જમ્મુ-કાશ્મીરથી ચૂંટાયેલા આપના ધારાસભ્ય મેહરાજ મલિકના કહેવા પ્રમાણે રાજ્યસભાની ચૂંટણીમાં એમણે નેશનલ કોન્ફરન્સના ઉમેદવારને મત આપ્યો હતો. એમની સામે એવો આક્ષેપ થાય છે કે એમણે ભાજપના પક્ષમાં મતદાન કર્યું હતું. મલિક હમણા કઠુઆ જેલમાં કેદ છે. મલિકના કહેવા પ્રમાણે નેશનલ કોન્ફરન્સને મત આપ્યા પછી પણ કેટલાક નેતાઓ એમની પૂછપરછ કરી રહ્યા છે. આ બેશરમીની હદ છે. એમણે કહ્યું હતું કે નેશનલ કોન્ફરન્સ ચોથી રાજ્યસભાની બેઠક જીતવા માટે ગંભીર નહોતી. એમણે મારો સંપર્ક કર્યો નહોતો અને એમની સર્વસંમતી બનાવવાની ઈચ્છા પણ નહોતી. આમ છતા મે એમને મત આપ્યો હતો. પક્ષનેતાએ એમને મળીને સોશ્યલ મીડિયા પર એમનું નિવેદન અપલોડ કર્યું છે. જે લોકો ભાજપ વિરોધી હોવાનો દાવો કરે છે એમણે જ ઉમેદવાર સત શર્મા સાથેની દોસ્તી સાબિત કરી છે. લોરેન્સ બિશ્નોઇ ગેંગના ખાસ ગેંગસ્ટર લખવિંદર ઉર્ફે લાખાને અમેરિકાથી ડીપોર્ટ કરીને ભારત લાવવો હરિયાણા પોલીસની મોટી સફળતા મનાઈ રહી છે. ગેંગસ્ટર અનમોલ બિશ્નોઇના ઈશારે હરિયાણા અને પંજાબમાં ખંડણીનું નેટવર્ક ચલાવનાર ગેંગસ્ટર સામે ૧૩૦ થી વધારે કેસ દાખલ થયા છે. એમ મનાય છે કે, ગેંગસ્ટર લખવિંદરકુમાર ઉર્ફે લાખાને ભારત પરત લાવવો એ સમગ્ર ભારત પોલીસ માટે મોટી સફળતા ગણાય છે. હરિયાણાના ડીજીપી ઓપી સિંહે ટાસ્કફોર્સની સફળતા માની છે. ડીજીપીના કહેવા પ્રમાણે સીબીઆઇના કોઓર્ડીનેશનમાં ચલાવવામાં આવેલા એક આંતરરાષ્ટ્રીય ઓપરેશનને કારણે લાખાને અમેરિકાથી ડીપોર્ટ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયા પુરી કરવા માટે લગભગ ૧ વર્ષનો સમય લાગ્યો છે. લાખાનો ક્રિમીનલ રેકોર્ડ ખૂબ મોટો છે. હરિયાણા અને પંજાબમાં એની સામે અસંખ્ય ફરિયાદો થઈ છે.

હવાલાના ત્રણ કરોડ રૂપિયાની લૂંટ ચલાવવાના કેસની મુખ્ય આરોપી એસડીઓપી (સબ ડિવિઝનલ પોલીસ ઓફિસર) પૂજા પાંડેને જામીન આપવા જિલ્લા કોર્ટે ઈન્કાર કર્યો છે. જામીનની સુનાવણી દરમિયાન પૂજા પાંડેના બે વર્ષના પુત્રનો ઉલ્લેખ કરીને સુપ્રિમ કોર્ટના ચૂકાદાઓ ટાંકવામાં આવ્યા હતા. એવી દલીલ થઈ હતી કે, બાળકને સારૂ વાતાવરણ મળે એ એનો મૂળભૂત અધિકાર છે.

એસડીઓપી પૂજા પાંડે હવાલાના ત્રણ કરોડ રૂપિયા લૂંટની મૂખ્ય આરોપી છે. એસડીઓપીની રેન્ક ડીવાયએસપીની સમકક્ષ ગણાય છે. આ ઘટનાએ સીવની વિસ્તારમાં ચકચાર જગાડી હતી. ઉચ્ચ રેન્ક ધરાવતી મહિલા પોલીસ અધિકારી સામે લૂંટનો ગુનો દાખલ થાય એવા કિસ્સાઓ ભાગ્યે જ બને છે. લેહમા થયેલી હિંસા પછી જેલ ભેગા કરાયેલા કાર્યકર્તા સોનમ વાંગચૂકની પૂછપરછ ત્રણ સભ્યોની બનેલી એડવાઇઝરી બોર્ડએ કરી હતી. વાંગચૂકનું કહેવું હતું કે, એમના નિવેદનોનો ખોટો અર્થ કાઢીને એને વિકૃત રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

## રજનીકાંતની અનુકરણીય પદયાત્રાઃ શાંતિની અનુભૂતિ

દિવાળીની રજાના દિવસોમાં ડિજીટલ ઉપકરણોના ઉપયોગથી દુર રહેવાની તક સામે ચાલીને આવી છે એમ કહી શકાય. જેને આધ્યાત્મિક સ્થિતિ સાથેનું જોડાણ કહી શકાય. આખું વર્ષ સોશ્યલ નેટવર્કમાં ડૂબેલા લોકો માટે તેને બાજુમાં મુકીને ફેમિલી સાથે કે પાડોશમાં કોણ રહે છે તેમને જાણવાની કે તેમની સમસ્યામાં રસ લેવાનો ચાન્સ ઉભો થયો છે. કેટલાક લોકોએ રજાના સમયમાં આધ્યાત્મિક યાત્રા કે ધાર્મિક યાત્રા કરવા માટે ઉપડી ગયા છે.



પ્રવાસના સ્થળોએ જવાનું તો હવે રૂટીન બની ગયું છે પરંતુ પદયાત્રાનો અનુભવ અનોખો હોય છે. કુદરતના સાનિધ્યમાં રહેવું જરૂરી બની ગયું છે.

જે સેલિબ્રિટીઓની સ્ટાઈલ અને પહેરવેશનું લોકો અનુકરણ કરી રહ્યા છે તેમની ધાર્મિક ભાવનાઓને પણ અપનાવવાની જરૂર છે. ક્રિકેટર વિરાટ કોહલી તેમની અભિનેત્રી પત્ની અનુષ્કા શર્મા હરિદ્વારમાં પ્રેમાનંદ મહારાજના દર્શને જાય અને પોતે કેવી શાંતિ અનુભવે છે તેની વાતો જાહેરમાં કરે ત્યારે ખ્યાલ આવે`કે સેલિબ્રિટી લોકો આધ્યાત્મિક શાંતિ મેળવવા માટેના આશિર્વાદ માટે ગુરૂ શોધતા હોય છે.

નીમ કરોલી બાબાના દર્શને જ્યારે સેલિબ્રિટીઓ આવે ત્યારે ખ્યાલ આવે કે વિદેશના લોકો પણ માનસિક શાંતિ માટે આશિર્વાદ માંગતા હોય છે. વિવિધ રીતે માનસિક શાંતિના પ્રયાસ કરાય છે. એપલના સ્ટીવ જોબ જ્યારે નીમ કરોલી બાબાના આશ્રમે આવ્યા ત્યારે તે હોટ ન્યૂઝ બની ગયા હતા. ત્યારબાદ વિદેશના અનેક લોકો બાબાના આશ્રમે આવતા થયા હતા.

પગપાળા પ્રવાસ એ શાંતિની અનોખી અનુભૂતી હોય છે. અમદાવાદના કેટલાક લોકો પદયાત્રા કરીને દ્વારકા જવા નીકળ્યા છે. તેમના ઘેર લકઝરી કારનો કાફલો હોય, એ.સી સિવાય ફાવતું ના હોય, લક્ષ્મી જેમને વરેલી હોય એવા લોકો જ્યારે દિવાળીની રજાઓમાં આધ્યાત્મિક પદયાત્રા પર નીકળે ત્યારે ખ્યાલ આવેકે દરેક શાંતિની શોધમાં હોય છે.

દ્વારકા જનારા લોકો પોતાની સાથે કોઈ સવલત લીધા વિના નીકળ્યા છે. રસ્તામાં જે મળે તે ખાઇ લેવાનું અને રસ્તામાં નોન એસી હોટલો કે લોજમાં કે મંદિરોમાં રોકાઇ જવા જેવા પ્લાનીંગ સાથે પદયાત્રા કરીને પંદર દિવસે દ્વારકા પહોંચવાનું પ્લાનીંગ પ્રશંસનીય છે.

આ લોકોએ સુપર સ્ટાર રજનીકાંતને પદયાત્રા કરતા જોઇને તેમાંથી પ્રેરણા લીધી હતી. આધ્યાત્મિક માર્ગનો શાંતિ માટે ઉપયોગ કરનારાનું લેટેસ્ટ ઉદાહરણ સુપર હિરો રજનીકાંત છે. રજનીકાંત હેડલાઈન્સમાં ચમકી રહ્યા છે કેમકે તેમના લાખો ફોલોઅર્સ તેમને પદયાત્રા કરતા જોઈને અને લોકોની જમવાનું પીરસતા જોઇને ગૌરવ અનુભવતા હતા.

રજનીકાંતે એક્ટીંગ કેરીયરમાંથી બ્રેક લઈને નવતર પગલું ભર્યું હતું. ફિલ્મ દુનિયાની ઝાકમઝોળ દુનિયાથી દુર ઋષિકેશ,બદ્રીનાથ જેવા સ્થળો સુધી પદયાત્રા કરીને પહોંચ્યા હતા. તેમના કેટલાક મિત્રો સાથે તેમણે પદયાત્રા શરૂ કરી હતી.

બદ્રીનાથમાંતો તેમના સમર્થકો તેમના ઘેરી વળ્યા હતા અને તેમની સાથે યાત્રામાં જોડાઈ ગયા હતા. તમામને હાથ જોડીને ના પાડવામાં આવી હતી કેમકે રજનીકાંત એકલાજ પદયાત્રા કરવા માંગતા હતા. કોઈ અભિનેતાએ આધ્યાત્મિક શાંતિ મેળવવા જ્યારે પદયાત્રાનો માર્ગ અપનાવે ત્યારે તેનું અનુકરણ પણ લોકો કરે તે સ્વભાવિક છે.

૭૫ વર્ષના રજનીકાંતના ફોલોઅર્સ માટે આ પદયાત્રા વિશેષ અનુકરણીય બની હતી. અનેક ફોલોઅર્સ તેમને જોઈને દિવાળીની રજાઓમાં પદયાત્રાનો પ્લાનીંગ કરી રહ્યા છે. રજનીકાંતને પદયાત્રા કરવાનું શા માટે સૂજ્યું તેના જવાબ માં તે પોતેજ જણાવે છેકે મારે આધ્યાત્નિક શાંતિની જરૂર હતી. માર્ગ પરની લીલોતરી અને લોકોના ભાવ જોઈને મને ખુબ શાંતિ મળી છે.

બંગાળની ખાડીમાં છેલ્લાં પાંચ વર્ષમાં 13 મોટા વાવાઝોડાનું સર્જન થયું છે જેણે ભારત-બાંગ્લાદેશમાં કેર વર્તાવ્યો હોય

# બંગાળની ખાડી : દુનિયામાં સૌથી વધુ ચક્રવાતનું સર્જન કરનારો દરિયો

વાવાઝોડાની અસરથી આગામી ત્રણ દિવસ સુધી કેરળ, કર્ણાટક, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઝારખંડમાં વરસાદ પડી શકે છે. આ ઉપરાંત દેશના દક્ષિણ અને પૂર્વ ભાગોના 9 રાજ્યોમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદ પડી શકે છે : એક અહેવાલ પ્રમાણે બંગાળની ખાડીમાં 1891થી 2019 સુધીમાં ૫૨૨ વાવાઝોડાનો જન્મ થયો છે. છેલ્લાં 129 વર્ષોમાં બંગાળની ખાડીમાં 234 ઘાતક વાવાઝોડાનું સર્જન થયેલું છે



વાવાઝોડાની અસરથી આગામી ત્રણ દિવસ સુધી કેરળ, કર્ણાટક, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઝારખંડમાં વરસાદ પડી શકે છે. આ ઉપરાંત દેશના દક્ષિણ અને પૂર્વ ભાગોના 9 રાજ્યોમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદ પડી શકે છે : એક અહેવાલ પ્રમાણે બંગાળની ખાડીમાં 1891થી 2019 સુધીમાં ૫૨૨ વાવાઝોડાનો જન્મ થયો છે. છેલ્લાં 129 વર્ષોમાં બંગાળની ખાડીમાં 234 ઘાતક વાવાઝોડાનું સર્જન થયેલું છે. છેલ્લાં 120 વર્ષમાં 14 ટકા ચક્રવાત અને 23 ભયંકર વાવાઝોડા અરબ સાગરમાં સર્જાયા છે. બીજાના 86 ટકા ચક્રવાત અને 77 ટકા વાવાઝોડા બંગાળની ખાડીમાં જ સર્જાયા છે : પૂર્વ કિનારે આવેલા રાજ્યોમાં આવતા મોટાભાગના તોફાનોમાંથી 48 ટકા વાવાઝોડા માત્ર ઓડિશા ઉપર ટકરાય છે જ્યારે 22 ટકા વાવાઝોડા આંધ્રના કિનારે ટકરાય છે. તે ઉપરાંત પશ્ચિમ બંગાળ ઉપર 18.5 ટકા વાવાઝોડા ટકરાય છે અને તમિલનાડુમાં 11.5 ટકા વાવાઝોડા આવે છે

બંગાળની ખાડીમાં વધુ એક ચક્રવાત મોંથા આકાર લઈ ચુક્યું છે. બંગાળની ખાડી પર સર્જાયેલું ચક્રવાત મોન્થા મંગળવારે વધુ તીવ્ર બન્યું હતું અને વાવાઝોડામાં ફેરવાઈ ગયું હતું. આ વાવાઝોડું આંધ્રપ્રદેશના મછલીપટ્ટનમ નજીક ટકરાયું હતું. આંધ્રપ્રદેશ, તમિલનાડુ, બંગાળ અને ઓડિશાના જિલ્લાઓમાં તેની અસર જોવા મળી રહી છે. આ રાજ્યોમાં ૯૦થી ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. આ ચાર રાજ્યોના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી ૫૦,૦૦૦થી વધુ લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, વાવાઝોડાને પગલે છેલ્લાં બે દિવસમાં દક્ષિણ મધ્ય રેલવે ઝોનની કુલ ૧૨૦ ટ્રેનો રદ કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિશાખાપટ્ટનમ એરપોર્ટથી બધી ૩૨ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. તેવી જ રીતે, વિજયવાડા એરપોર્ટથી ૧૬ ફ્લાઇટ્સ અને તિરુપતિ એરપોર્ટથી ચાર ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, કાકીનાડા-મછલીપટ્ટનમ કિનારાની નજીક આવતાં તે વધુ તીવ્ર બનશે. ચક્રવાત મોન્થા નજીક આવતાં કાકીનાડામાં દરિયો તોફાની બન્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વાવાઝોડાની અસરથી આગામી ત્રણ દિવસ સુધી કેરળ, કર્ણાટક, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઝારખંડમાં વરસાદ પડી શકે છે. આ ઉપરાંત હવામાન વિભાગે એવું પણ જણાવ્યું કે, વાવાઝોડાની અસરને કારણે, દેશના દક્ષિણ અને પૂર્વ ભાગોના ૯ રાજ્યો - આંધ્રપ્રદેશ, ઓડિશા, તેલંગાણા, તમિલનાડુ, કેરળ, કર્ણાટક, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઝારખંડમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદ પડી શકે છે.

જાણકારો કહે છે કે, જ્યારે આ ચક્રવાત મોંથા આકાર લઈ રહ્યું હતું ત્યારે ખૂબ જ નબળું અને નાનું દેખાતું હતું. જેમ જેમ તે આકાર લેતું ગયું તેમ તેમ તેનો વિસ્તાર વધતો ગયો અને હવે તે વિકરાળ થઈ ગયું છે. આંધ્ર પ્રદેશ અને ઓડિશા સુધી પહોંચવા દરમિયાન તે ભયાનક વાવાઝોડામાં પરિવર્તિત થઈ ગયું છે. ખાસ વાત એ છે કે, ભારતીય ઉપમહાદ્વિપમાં જે પણ ચક્રવાત અને વાવાઝોડા સર્જાય છે તે મોટાભાગે બંગાળની ખાડીમાં સર્જાતા હોય છે. આ એવો દરિયો છે જે દુનિયામાં સૌથી વધારે વાવાઝોડાનું સર્જન કરનારા દરિયામાં સ્થાન ધરાવે છે.

બંગાળની ખાડીમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૧૩ મોટા વાવાઝોડાનું સર્જન થયું છે જેણે ભારત અને બાંગ્લાદેશ ઉપર કેર વર્તાવ્યો હોય. દુનિયામાં જે સમુદ્રોમાં સૌથી વધારે વાવાઝોડા અને ચક્રવાતનું સર્જન થતું હોય છે તેમાં બંગાળની ખાડી ટોચના દરિયામાં સ્થાન ધરાવે છે. નવાઈની વાત એ છે કે, દુનિયાના કોઈને કોઈ ખુણે દર ત્રણ દિવસે એક વાવાઝોડનું સર્જન થતું જ હોય છે. દુનિયામાં દર વર્ષે ૧૦૦થી વધારે વાવાઝોડા સર્જાતા હોય છે. બંગાળની ખાડીની વાત કરીએ તો તેની સ્થિતિ જ કંઈક અલગ છે.

એક અહેવાલ પ્રમાણે બંગાળની ખાડીમાં ૧૮૯૧થી ૨૦૧૯ સુધીમાં ૫૨૨ વાવાઝોડાનો જન્મ થયો છે. અહીંયા દર વર્ષે સરેરાશ બે થી ત્રણ વાવાઝોડા સર્જાય છે. આ વર્ષ અપવાદ રહ્યું છે અને આ પહેલું વાવાઝોડું સર્જાયું છે. દુનિયામાં જેટલા વાવાઝોડા સર્જાય છે તેમાંથી ૭ ટકા વાવાઝોડા બંગાળની ખાડી અને અરબ સાગર ઉપર સર્જાય છે. જાણકારોના મતે છેલ્લાં ૧૨૯ વર્ષોમાં બંગાળની ખાડીમાં ૨૩૪ ઘાતક વાવાઝોડાનું સર્જન થયેલું છે. દરેક દાયકામાં બંગાળની ખાડીમાંથી એક ભયંકર અને વિકરાળ વાવાઝોડું સર્જાય છે જે ભારત અને બાંગ્લાદેશમાં મોટો કેર વર્તાવે છે. સૌથી ગંભીર બાબત એ છે કે, છેલ્લાં ૧૨૦ વર્ષમાં ૧૪ ટકા ચક્રવાત અને ૨૩ ભયંકર વાવાઝોડા અરબ સાગરમાં સર્જાયા છે. બીજાના ૮૬ ટકા ચક્રવાત અને ૭૭ ટકા વાવાઝોડા બંગાળની ખાડીમાં જ સર્જાયા છે.

સમજવા જેવી વાત એ છે કે, બંગાળની ખાડીમાં અરબ સાગરની સરખામણીએ વધારે ચક્રવાત અને વાવાઝોડા સર્જાવાની શક્યતા તેના ઉપર વહેતી હવા અને તેની ગતિ છે. પૂર્વ કિનારા ઉપર આવેલી બંગાળની ખાડીની સરખામણીએ પશ્ચિમી કિનારે આવેલો અરબ સાગર પ્રમાણમાં ઠંડો રહે છે.

હવામાન વિભાગના મતે, ઠંડા સાગરની સરખામણીએ ગરમ દરિયામાં વાવાઝોડા અને ચક્રવાતનું સર્જન વધારે તથા ઝડપથી થતું હોય છે. ઈતિહાસના સૌથી ૩૬ ઘાતક ટ્રોપિકલ સાઈક્લોનમાંથી ૨૬ સાઈક્લોન બંગાળની ખાડીમાં આવેલા છે. બંગાળની ખાડીમાં સર્જાતા મોટાભાગના વાવાઝોડા અને ચક્રવાતની અસર ઓડિશા ઉપર વધારે થતી જોવા મળી છે. તે ઉપરાંત આંધ્ર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ પણ તેનાથી અસરગ્રસ્ત થતા હોય છે. તે ઉપરાંત પૂર્વ કિનારે આવેલા રાજ્યોની જમીન પશ્ચિમી કિનારે આવેલા રાજ્યોની સરખામણીએ વધારે સમતલ છે. તેના કારણે અહીંયા જે પણ વાવાઝોડા ટકરાય છે તે ઝડપથી ફંટાતા નથી. બીજી તરફ પશ્ચિમી કિનારે ત્રાટકતા વાવાઝોડાના ફંટાવાની શક્યતાઓ સૌથી વધારે હોય છે.

ભારતમાં વાવાઝોડાની અસરની વાત કરીએ તો અહીંયા આવતા અને ટકરાતા પાંચ વાવાઝોડામાંથી સરેરાશ ચાર વાવાઝોડા તો પૂર્વી કિનારે ટકરાતા હોય છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી અને અંદામાન સાગરથી સર્જાતા વાવાઝોડા ઉપરાંત ઉત્તર-પશ્ચિમી પેસિફિક મહાસાગરથી નિકળતા વાવાઝોડા પણ દક્ષિણ ચીન સાગર થઈને બંગાળની ખાડી સુધી પહોંચી જતા હોય છે. બીજી તરફ એવું માનવામાં આવે છે કે, અરબ સાગરમાં વાવાઝોડાનું સર્જન થતું હોય છે તે સરેરાશ સામાન્ય અસર કરનારા વાવાઝોડા હોય છે. અરબ સાગરમાં પણ વાવાઝોડાનું સર્જન થતું હોય છે પણ મોટાભાગે આ વાવાઝોડા ભારતના પશ્ચિમી કિનારા ઉપર ટકરાવાના સ્થાને ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી જાય છે.

તહેવાર માટે બિહાર ગયેલા કેટલાક શ્રમીકો જો પરત બીજા રાજ્યમાં જાય તો ચૂંટણી ટાણે તેઓ બિહાર પરત ફરી શકે નહીં

# માલિકોને મનાવીને બિહારના શ્રમીકો ચૂંટણી માટે પરત ફરે છે

છઠના તહેવાર માટે બિહાર ગયેલા કેટલાક શ્રમીકો જો પરત બીજા રાજ્યમાં જાય તો ચૂંટણી ટાણે તેઓ બિહાર પરત ફરી શકે નહીં. જોકે લાખોની સંખ્યામાં છઠ પૂજા માટે આવેલા શ્રમીકો હવે ચૂંટણી સુધી રોકાઈ જવા માંગે છે. કેટલાક શ્રમીકો પોતાના માલિકોને વિનંતી કરીને લાંબી રજા પર આવ્યા છે, કારણ કે થોડા સમયમાં હવે વિધાનસભાની ચૂંટણી પણ થવાની છે. છઠ પૂજા માટે બીજા રાજ્યોમાંથી એક સાથે ધસારો થવાને કારણે મુસાફરોને ટ્રેનમાં જગ્યા મળવી મુશ્કેલ બની જાય છે



બિહારમાં વિધાનસભાની ચૂંટણીની ગરમી વધી રહી છે. બિહારમાંથી સૌથી વધુ શ્રમીકો બીજા રાજ્યમાં મજૂરી કામે જાય છે. દરેક રાજકીય પક્ષને ચૂંટણી વખતે આ બધા પ્રવાસી શ્રમીકોની જરૂર પડે છે. છઠના તહેવાર માટે બિહાર ગયેલા કેટલાક શ્રમીકો જો પરત બીજા રાજ્યમાં જાય તો ચૂંટણી ટાણે તેઓ બિહાર પરત ફરી શકે નહીં. જોકે લાખોની સંખ્યામાં છઠ પૂજા માટે આવેલા શ્રમીકો હવે ચૂંટણી સુધી રોકાઈ જવા માંગે છે. કેટલાક શ્રમીકો પોતાના માલિકોને વિનંતી કરીને લાંબી રજા પર આવ્યા છે, કારણ કે થોડા સમયમાં હવે વિધાનસભાની ચૂંટણી પણ થવાની છે. છઠ પૂજા માટે બીજા રાજ્યોમાંથી એક સાથે ધસારો થવાને કારણે મુસાફરોને ટ્રેનમાં જગ્યા મળવી મુશ્કેલ બની જાય છે. કલાકો સુધી ઉભા રહીને પોતાના વતન પહોંચેલા બિહારના આ શ્રમીકો ચૂંટણીને કારણે પોતાના કર્મક્ષેત્રમાં પરત ફરવાના નથી.

પશ્ચિમ બંગાળ સરકાર અને મુખ્યમંત્રી મમતા બેનર્જીની ખુશી વચ્ચે સુપ્રિમ કોર્ટે એમની તરફેણમાં હુકમ કર્યો છે. કેન્દ્ર સરકારે કલકત્તા હાઈકોર્ટના ચૂકાદાને ચેલેન્જ કર્યો હતો. હાઈકોર્ટે રાજ્યમાં મનરેગા યોજનાને ત્રણ વર્ષ પછી શરૂ કરવાનો હુકમ કર્યો હતો. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેન્ટી યોજના (મનરેગા) ૨૦૦૬ના વર્ષમાં યુપીએ સરકારે શરૂ કરી હતી. આ યોજનાનો ઉદ્દેશ ગ્રામ્ય લોકોને ઓછામાં ઓછા ૧૦૦ દિવસ રોજગારી આપવાનું વચન હતું કે જેથી મજૂરી કરનારાઓને કામ મળતું રહે. ૨૦૨૨ના માર્ચ મહિનામા કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળને મનરેગા ફંડ આપવાનું બંધ કરી દીધું હતું. કેન્દ્રની દલીલ હતી કે આ યોજનામાં ભ્રષ્ટાચાર થયો છે. હવે સુપ્રિમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના ૧૮મી જૂનના ચુકાદાને યથાવત રાખ્યો છે અને આ યોજના ફરીથી ચાલુ કરવા કહ્યું છે.

પોતાના બેફામ વાણી વિલાસને કારણે સમાચારમાં રહેતી ભાજપની સાંસદ અને ફિલ્મ અભિનેત્રી કંગના રનૌત બોલે છે પહેલા અને વિચારે છે પછી. રનૌત સામે વારંવાર કોર્ટમાં કેસો થયા છે. બદનક્ષીના એક કેસમાં કંગના બઠીંડાની કોર્ટમાં હાજર થઈ હતી. ૨૦૨૧ના ખેડૂત આંદોલન દરમિયાન કંગનાએ એક ટ્વીટ કરી હતી જેને કારણે ખૂબ વિવાદ થયો હતો. આ બાબતે ભૂતકાળમાં કંગના અનેક વખત માફી માંગી ચૂકી છે અને ખાનગીમાં ભાજપ હાઈકમાન્ડની પણ માફી માંગી છે. હવે એણે પંજાબની એક વૃદ્ધ મહિલા ખેડૂતની માફી માંગીને કહ્યું છે કે, તે દરેક માતાનું સન્માન કરે છે. કોર્ટે કંગના રનૌતને જામીન આપી દીધા છે. કોર્ટે કંગના રનૌતને જાતે કોર્ટમાં હાજર થવા કહ્યું હતું, કંગનાએ વિનંતી કરી હતી કે એ વિડિયો કોન્ફરન્સ મારફતે હાજર થશે.

ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા ભૂષણ આર ગવઈએ જસ્ટીસ સૂર્યકાંતને હવે પછીના સીજેઆઇ તરીકે નિમણૂક કરવાની ભલામણ કેન્દ્ર સરકારને કરી છે. જસ્ટીસ સૂર્યકાંત ૨૪મી નવેમ્બરે દેશના ૫૩માં સીજેઆઈ તરીકે સોંગદ લેશે. જસ્ટીસ સૂર્યકાંતનો કાર્યકાળ એક વર્ષ અને બે મહિના સુધીનો હશે. તેઓ ૨૦૨૭ની ૯મી ફેબ્રુઆરીએ નિવૃત્ત થશે. સીજેઆઇ ગવઇએ જસ્ટીસ સૂર્યકાંતના ખૂબ વખાણ કર્યા છે. એમણે કહ્યું છે કે બંને ન્યાયાધીશોની પૃષ્ઠભૂમી સરખી છે. બંને સંઘર્ષ કરીને આગળ આવ્યા છે. ગવઈએ કહ્યું હતું કે, 'મારી જેમ જસ્ટીસ કાંત પણ સમાજના એ વર્ગમાંથી આવે છે કે જ્યાં દરેક તબક્કે સંઘર્ષ કરવો પડે છે. જે લોકોને પોતાના અધિકારોની રક્ષા કરવા માટે ન્યાયાપાલીકાની જરૂર પડે છે એમને જસ્ટીસ સૂર્યકાંત સમજી શકે છે. જસ્ટીસ કાંત બંધારણ, સેવા અને સિવિલ કેસોના નિષ્ણાંત ગણાય છે.

નેશનલ કોન્ફરન્સમાં હવે ઉમર અબ્દુલ્લા વિરુદ્ધ આગા સૈયદ રુહુલ્લાની લડાઈ ઉગ્ર બની રહી છે. સાંસદ રુહુલ્લાની ટીપ્પણીને કારણે નારાજ થયેલા એમના સમર્થકોએ મુખ્યમંત્રી વિરુદ્ધ રસ્તા પર ઉતરી આવી સૂત્રોચ્ચાર કર્યા હતા. સાંસદ રુહુલ્લા મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા પર સતત પ્રહાર કરી રહ્યા છે અને એમને અભિમાન છોડવાની સલાહ પણ આપે છે. બીજી તરફ મુખ્યમંત્રીએ વળતા જવાબમાં કહ્યું છે કે, બડગામના સાંસદ ચૂંટણી પ્રચાર નહીં કરે તો એમને કોઈ ફેર પડવાનો નથી. ઉમર અબ્દુલ્લાના ટેકેદારો સાંસદનું રાજીનામું માંગી રહ્યા છે. આગા સૈયદ રુહુલ્લા બડગામની પેટા ચૂંટણીથી દુર રહ્યા છે. આ ચૂંટણીમાં તેઓ નેશનલ કોન્ફરન્સ વિરુદ્ધ કામ કરતા હોવાના આક્ષેપ પણ છે. તેઓ મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાને વારંવાર કફોડી સ્થિતિમાં મૂકી રહ્યા છે.

ફરહાન અખ્તરની આવી રહેલી ફિલ્મ '૧૨૦ બહાદુર' વિવાદમાં ફસાઈ છે. ૧૯૬૨ના ભારત - ચીન યુદ્ધના વિષય પરથી આ ફિલ્મ બનાવવામાં આવી છે. ફિલ્મનો વિરોધ કરતા આહીર સમાજના હજારો લોકોએ ગુરુગ્રામમાં નેશનલ હાઈવે ૪૮ પર ભેગા થઈને દેખાવો કર્યા હતા. આહીર સમાજની માગણી છે કે, ફિલ્મનું નામ '૧૨૦ બહાદુર'ની જગ્યાએ '૧૨૦ વીર આહીર' કરવું જોઈએ. જો ફિલ્મનું નામ નહી બદલાય તો સમાજના લોકો ફિલ્મને રીલીઝ નહી થવા દે. આહીર રેજીમેન્ટ મોર્ચાના પ્રતિનિધિના કહેવા પ્રમાણે વિરોધ પ્રદર્શન વખતે આંદોલનકારીઓ ખેડકી ડોલા ટોલ પ્લાઝાથી દિલ્હી સુધી પગે ચાલીને ગયા હતા. ફિલ્મમાં ૧૩મી કુમાઉ રેજીમેન્ટના ૧૨૦ આહીર સૈનિકોના બલીદાનને યોગ્ય રીતે બતાવવામાં આવ્યું નથી.

જનસ્વરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોર આક્રમકતાથી બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર કરી રહ્યા છે. તેઓ દરેક વિરોધપક્ષના નેતાઓ પર જાતભાતના આક્ષેપો કરે છે. એમણે બિહારની તમામ ૨૪૩ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે. હવે પ્રશાંત કિશોર સામે જ કેટલાક ગંભીર આક્ષેપો થયા છે. એમની નોંધણી બે રાજ્યોમાં મતદાર તરીકે છે. બિહાર અને પશ્ચિમ બંગાળની મતદાર યાદીમાં એમનું નામ છે. બંગાળમાં એમનું સરનામું ૧૨૧, કાલીઘાટ રોડ છે. આ જગ્યાએ ભવાનીપુરમાં તૃણમુલ કોંગ્રેસની ઓફિસ આવી છે. પ્રશાંત કિશોરએ પહેલા ટીએમસી સાથે રાજકીય સલાહકાર તરીકે કામ કર્યું હતું. ૨૦૨૧ની વિધાનસભાની ચૂંટણીમાં પ્રશાંત કિશોરએ મમતા બેનર્જી માટે રાજકીય રણનીતિ બનાવી હતી. બિહારમાં એમનું નામ સાસારામ સંસદીય ક્ષેત્રના મતદાર તરીકે છે. આ વિસ્તારમાં જ પ્રશાંત કિશોરનું વતન પણ છે.

### આ પહેલાં તેમની 'ચંદુ ચેમ્પિયન' ખુબ સફળ થઈ ચુકી છે

# કાર્તિક આર્યન અને કબીર ખાન સ્પોર્ટ્સ ફિલ્મ માટે ફરી સાથે આવશે





કબીર ખાને કાર્તિક આર્યન સાથે ૨૦૨૪માં પહેલી વખત 'ચંદુ ચેમ્પિયન' ફિલ્મ કરી, જે સાજીદ નડિયાદવાલા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી હતી. કાર્તિક આર્યને તેના રોમેન્ટિક અને કોમેડી હિરોની છબિમાંથી બહાર નીકળીને જે સખત મહેનત કરી તેમાંથી તેના કામના ખુબ વખાણ થયા. ત્યારથી આ બંને ફરી એક વખત કોઈ ફિલ્મ માટે ચર્ચા કરી રહ્યા હોવાના અહેવાલો આવતા રહ્યા હતા.ત્યારે હવે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, કાર્તિક આર્યન કબીર ખાનની આગામી ફિલ્મ કરવા માટે સહમત થઈ ગયો છે, જે એક સ્પોર્ટ્સ એક્શન ફિલ્મ હશે અને આ ફિલ્મ પણ કોઈ સત્ય ઘટનાથી પ્રેરિત હોવાની ચર્ચા છે. સુત્રએ જણાવ્યું કે, "કબીર ખાનને દરેક ફિલ્મમાં પોતાની મર્યાદાઓથી આગળ વધીને કામ કરવું ગમે છે, હવે તેની આગામી ફિલ્મ પણ એક ગંભીર, એક્શન, ડ્રામા અને ઈમોશનથી ભરપુર ફિલ્મ હશે. તેને લાગે છે કે આ ફિલ્મ માટે પણ કાર્તિક બિલકુલ યોગ્ય કલાકાર છે અને તેઓ દર્શકો માટે પણ નવો સિનેમેટિક અનુભવ આપવાની સાથે એક યાદગાર ફિલ્મ આપવા માગે છે." એવી પણ ચર્ચા છે કે આ એક મોટા બજેટની ફિલ્મ છે અને કાર્તિક આર્યનની અત્યાર સુધીની સૌથી વધુ બજેટની ફિલ્મ હશે. સુત્રના જણાવ્યા અનુસાર, "કાર્તિકે ભૂલ ભુલૈયા ફ્રેન્ચાઈઝી સાથે પણ સાબિત કર્યું છે કે તેના નામે લોકો ફિલ્મ જોવા આવે છે, હવે પછીની ફિલ્મથી પણ તે પોતાની લોકપ્રિયતા વધે એવા પ્રયત્નો કરવા માગે છે.ધર્મા પ્રોડક્શન માટે તેની આવનારી ફિલ્મ પણ ૮૦ કરોડના બજેટ સાથે બની રહી છે અને તેના પછી કબીર ખાનની ફિલ્મ એક મહત્વાકાંક્ષી બજેટ સાથે બની રહેલી ફિલ્મ છે. જોકે, આ ફિલ્મ અંગે જાહેરાત આવતા વર્ષે કરવામાં આવશે."

### ચાહકોમાં ખુશીની લહેર વ્યાપી

### ૬ દિવસમાં ૧૦.૭૩ કરોડ કમાઈને તોડ્યા રેકોર્ડ

# કાંતારાની ધમાલ વચ્ચે 'ચણિયા ટોળી'નો ડંકો!

દિવાળીના સમય પર વેકેશનનો લાભ જો કોઈએ ખાટ્યો હોય તો કાંતારાએ, પણ તેની સાથે ગુજરાતી સીનેમાની અંદર ગુજરાતી ફિલ્મ 'ચણિયા ટોળી'એ દિવાળી વેકેશન દરમિયાન બોક્સ ઓફિસ પર ધમાકેદાર પ્રદર્શન કર્યું છે અને છ દિવસમાં સૌથી વધુ ૧૦.૭૩ કરોડની કમાણી કરી છે.આનંદ પંડિત મોશન પિક્ચર્સ અને જન્નોક ફિલ્મ્સ દ્વારા પ્રસ્તુત ગુજરાતી ફિલ્મ 'ચણિયા ટોળી'એ દિવાળી વેકેશન દરમિયાન બોક્સ ઓફિસ પર ધમાકેદાર પ્રદર્શન કર્યું છે. દિવાળીના તહેવાર દરમિયાન ૧૨૦૦ થી વધુ સ્ક્રીન પર રિલીઝ થયેલી આ ફિલ્મે માત્ર છ દિવસમાં ૧૦.૭૩ કરોડનું ઐતિહાસિક કલેક્શન કરીને ઈન્ડસ્ટ્રીના અગાઉના રેકોર્ડ તોડી નાખ્યા છે.ફિલ્મ 'ચણિયા ટોળી'ની રિલીઝ દિવાળીની રજાઓના સમયગાળામાં થતાં તેને જબરજસ્ત ફાયદો મળ્યો છે. પ્રેક્ષકોએ આ ફિલ્મને પરિવાર સાથે માણી અને દરરોજ કમાણીનો નવો રેકોર્ડ બનાવ્યો છે. છ દિવસ દરમિયાન ફિલ્મે સતત ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું, જેમાં દિવસ ૬માં સૌથી વધુ ૧૦.૭૩ કરોડની કમાણી નોંધાઈ, ભારતમાં જ નહીં, પણ વિદેશમાં પણ ફિલ્મે અદ્ભૂત પ્રદર્શન કર્યુ છે.વર્ષ ૨૦૨૫માં રીલીઝ થયેલી ગુજરાતી ફિલ્મોની વાત કરીએ તો ૨૦૨૫ની સૌથી વધુ કમાણી કરનારી ગુજરાતી ફિલ્મ ઉંબરો બની હતી, જેણે ૧૭.૩૩ કરોડ ગ્રોસ કલેક્શન કર્યું હતું. સોશિયલ કોમેડી ફિલ્મ હોવા છતાં ૧૦૦ દિવસથી વધુ સમય સુધી થિયેટરોમાં ચાલી હતી. તે ઉપરાંત વશ ફિલ્મે તેના પ્રારંભિક સપ્તાહમાં જ ૮.૧ કરોડની નેટ કમાણી કરી હતી અને ફિલ્મનો ખર્ચ લગભગ વસૂલ કર્યો હતો. ત્યારે હવે જોવું રહ્યું કે વર્ષના અંત સુધીમાં કઈ ફિલ્મ કમાણીમાં સૌથી આગળ વધે છે.




### 'બેટલ ઓફ ગલવાન'નું શૂટિંગ શરૂ

# ૧૮ વર્ષ પછી સલમાન ખાન સાથે ગોવિંદાની જોડી જામશે!



બોલિવૂડના 'પાર્ટનર' સલમાન ખાન અને ગોવિંદાની જોડી લાંબા સમય પછી ફરી મોટા પડદા પર જોવા મળી શકે છે. હાલમાં સલમાન ખાન તેની આગામી ફિલ્મ 'બેટલ ઓફ ગલવાન' ને કારણે ચર્ચામાં છે, અને હવે સમાચાર છે કે આ ફિલ્મમાં તેની સાથે ગોવિંદા પણ જોવા મળશે. આનો અર્થ એ છે કે,

### ગોવિંદાએ ઇન્સ્ટાગ્રામ પર ફિલ્મ સિટીના એક સેટ પરથી પોતાની તસવીર પણ શેર કરી

લગભગ ૧૮ વર્ષના લાંબા ગાળા પછી, આ બંને અભિનેતાઓ ફરી એકસાથે ફિલ્મમાં કામ કરશે.બિગ બોસ ૧૯ના તાજેતરના 'વીકેન્ડ કા વાર' એપિસોડમાં ગોવિંદાની પત્ની સુનીતા આહુજા મહેમાન તરીકે આવી હતી. આ શોમાં, સલમાન અને સુનીતાએ ગોવિંદા સાથે તેમના ફરીથી કામ કરવા અંગે ચર્ચા કરી, જે વાત ચાહકોમાં વાઈરલ થઈ રહી છે. સલમાને આ ચર્ચા દરમિયાન સંકેત આપ્યો કે તે અને ગોવિંદા હવે એકસાથે કામ કરી રહ્યા છે. જોકે, સલમાને પ્રોજેક્ટનું નામ જાહેર નહોતું કર્યુ, પરંતુ અટકળો છે કે ગોવિંદા વોર ડ્રામા 'બેટલ ઓફ ગલવાન'માં સલમાન સાથે અભિનય કરશે. તાજેતરમાં જ, ગોવિંદાએ તેના ફેન્સને તેના કમબૅકનો સંકેત આપ્યો હતો. તેણે કહ્યું હતું કે, 'તે એક નવી ઈનિંગ્સ માટે સંપૂર્ણપણે તૈયાર છે.' ગોવિંદાએ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ સિટીના એક સેટ પરથી પોતાની તસવીર પણ શેર કરી હતી. પોતાની શ્રેષ્ઠ કોમિક ટાઈમિંગ અને ડાન્સ મૂવ્સ માટે જાણીતો ગોવિંદા આ તસવીરમાં, ચમકદાર પીળા રંગની બારીક ડિઝાઈનવાળી જૅકેટ, સફેદ ટી-શર્ટ, વાદળી જિન્સ અને ભૂરા રંગના બૂટ પહેરીને સ્મિત સાથે ઊભેલો જોવા મળ્યો હતો. આ ચર્ચાઓ વચ્ચે ઘણા મીડિયા રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ગોવિંદાએ 'બેટલ ઓફ ગલવાન'નું શૂટિંગ પણ શરૂ કરી દીધું છે.



# શાહબાનો બેગમ કેસ પર આધારિત ફિલ્મ "હક" નું ટ્રેલર આઉટ

### ૧૯૮૦ના દાયકાના ઐતિહાસિક "મોહમ્મદ અહેમદ ખાન વિરુદ્ધ શાહબાનો બેગમ" કેસ પર આધારિત ફિલ્મ


એક એવો કેસ જેણે આખા દેશને હચમચાવી નાખ્યો, કાયદા અને સમાજને પડકાર્યો અને લાખો મહિલાઓના જીવનને બદલી નાખ્યું તે કેસ કહાની સ્વરૂપે હવે મોટા પડદા પર રજૂ કરવામાં આવ્યું છે.૧૯૮૦ના દાયકાના ઐતિહાસિક "મોહમ્મદ અહેમદ ખાન વિરુદ્ધ શાહબાનો બેગમ" કેસ પર આધારિત ફિલ્મ "હક" નું ટ્રેલર ગઈકાલે મોડી રાત્રે લોન્ચ કરવામાં આવ્યું. ફિલ્મમાં મુખ્ય અભિનેતા તરીકે ઈમરાન હાશ્મી અને શાહબાનો બેગમ તરીકે યામી ગૌતમ છે. આ ફિલ્મ સાથે, ઈમરાન હાશ્મી અને યામી ગૌતમ એક એવી વાર્તાને જીવંત કરી રહ્યા છે જેણે ભારતીય કાયદાને હચમચાવી નાખ્યું.ઈમરાન અને યામી અભિનીત બહુપ્રતિક્ષિત ફિલ્મ "હક" નું ટ્રેલર ખૂબ જ આશાસ્પદ લાગે છે. દિગ્દર્શક સુપર્ણા એસ. વર્મા કાયદા, ન્યાય અને ઓળખમાં વિશ્વાસ વિશે એક અનોખી વાર્તા ગૂંથે છે. તે શાહબાનો કેસને લોકો સમક્ષ સંપૂર્ણ રીતે ઉજાગર કરશે. આ ફિલ્મ મહિલા અધિકારો અને વ્યક્તિગત કાયદા સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવે છે, જે તમને એકીટશે આખી ફિલ્મ જોવા મજબુર કરશે."હક" ફિલ્મનું ટ્રેલર પરથી સાબિત થાય છે કે પ્રેક્ષકોને ઉત્તમ સંવાદો, પ્રદર્શન અને એક શક્તિશાળી વાર્તાથી ભરેલું નાટક જોવા મળશે જે સીધી રીતે લોકો સાથે પડઘો પાડે છે. ઈમરાન હાશ્મીએ લખ્યું, "એક કેસ જેણે આખા દેશને હચમચાવી નાખ્યો, એક સત્ય જેણે ચૂપ રહેવાનો ઈનકાર કર્યો."હક" ફિલ્મ એક શક્તિશાળી કોર્ટરૂમ ડ્રામા છે જે કાનૂની સીમાઓ પાર વિશ્વાસ, સમાનતા અને સત્ય માટે ચૂકવવામાં આવતી કિંમત વિશે પ્રશ્નો ઉભા કરે છે.

### હું 'ના' નથી પાડી શકતી : રશ્મિકા મંદાના

# દીપિકા પદુકોણના સમર્થનમાં આવી અભિનેત્રી રશ્મિકા મંદાના

### રશ્મિકા મંદાનાએ વિજય દેવરકોંડા સાથેના લગ્ન પહેલાં તેના પારિવારિક જીવન પર ધ્યાન કેન્દ્રિત કરવાની ઈચ્છા દર્શાવી





દક્ષિણ ભારતીય સિનેમા અને બોલીવુડમાં ધૂમ મચાવનાર અભિનેત્રી રશ્મિકા મંદાના આજકાલ તેની તાજેતરની હિન્દી ફિલ્મ "થામા" માટે પ્રશંસા મેળવી રહી છે. જોકે, તેની નવી ફિલ્મ "ધ ગર્લફ્રેન્ડ" ના નિર્માતા SKN દ્વારા તેના કડક કામના કલાકોની માંગણી ન કરવા બદલ વખાણ કરવામાં આવ્યા હોવા છતાં, રશ્મિકાએ પોતે લાંબા અને અનિયંત્રિત કામના કલાકો સામે વાંધો ઉઠાવ્યો છે. આવો જાણીએ, રસ્મિકા મંદાનાએ શું કહ્યું છે.અભિનેત્રી રસ્મિકા મંદાનાએ તાજેતરમાં મીડિયાને એક ઈન્ટરવ્યુ આપ્યું હતું. આ ઈન્ટરવ્યુમાં રસ્મિકા મંદાનાએ કામના કલાકો અંગે વાત કરી હતી. રશ્મિકા મંદાનાએ જણાવ્યું હતું કે, "હું પોતાના સાથી કલાકારો અને ક્રૂને 'ના' નથી પાડી શકતી એટલે તેઓ જરૂર કરતાં વધુ કામ લઈ લે છે. જોકે, આ મારી અંગત પસંદગી નથી, હું બીજા કોઈને આ અંગે સલાહ આપતી નથી."રશ્મિકાએ આગળ જણાવ્યું કે, "હું ઘણું કામ કરું છું, અને હું તમને કહું છું કે આ બિલકુલ સલાહભર્યું નથી. આ કોઈ રેસ નથી. એવું ન કરો. તમારા માટે જે યોગ્ય હોય, તે કરો. 8 કલાકની ઊંઘ લો, ભલે 9-10 કલાકની પણ લો. કારણ કે મારા પર વિશ્વાસ કરો, તે તમને પાછળથી બચાવશે. મેં તાજેતરમાં કામના કલાકો વિશે ઘણી ચર્ચાઓ જોઈ છે. મેં બંને રીતે કામ કર્યુ છે, અને હું કહું છું કે તે યોગ્ય નથી."ઈન્ટરવ્યુમાં રસ્મિકા મંદાનાએ વિજય દેવરકોંડા સાથેના લગ્ન પહેલાં તેના પારિવારિક જીવન પર ધ્યાન કેન્દ્રિત કરવાની અને યોગ્ય આરામ લેવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.તેણે વધુમાં કહ્યું, "જો હું મારા માટે પસંદ કરી શકું, તો હું કહીશ, કૃપા કરીને અમને કલાકારોને આ કરવા ન દો. જેમ ઓફિસમાં 9-5 નો સમયપત્રક હોય છે.



### માથા પર સ્કાર્ફ બાંધીને ફિલ્મની સફળતા માટે પ્રાર્થના કરી

# "ઇક કુડી" ફિલ્મની રિલીઝ પહેલા શહેનાઝ ગિલ સુવર્ણ મંદિર પહોચી

પંજાબી અને બોલિવૂડ અભિનેત્રી શહેનાઝ ગિલ હાલમાં તેની ફિલ્મ 'ઈક્ક કુડી' માટે સમાચારમાં છે. અભિનેત્રીની ફિલ્મ ૩૧ ઓક્ટોબરે રિલીઝ થવાની છે. તે હાલમાં ફિલ્મનું જોરશોરથી પ્રમોશન કરી રહી છે. આ દરમિયાન, તેણી અમૃતસરની મુલાકાત લીધી, જ્યાં તેણીએ સુવર્ણ મંદિરમાં દર્શન કર્યા. તેના કામ ઉપરાંત, શહેનાઝ ગિલ સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ સક્રિય છે, જ્યાં તે તેની આગામી ફિલ્મો વિશે દરેક અપડેટ ચાહકો સાથે શેર કરે છે. તાજેતરમાં, અભિનેત્રીએ તેની ફિલ્મના પ્રમોશન માટે અમૃતસરની મુલાકાત લીધી હતી. તેણીએ સુવર્ણ મંદિરની પણ મુલાકાત લીધી અને પ્રાર્થના કરી. અભિનેત્રીએ લીલા રંગનો સૂટ પહેર્યો છે અને તેના માથા પર મેચિંગ દુપટ્ટો લપેટ્યો છે.શહેનાઝ ગિલની ફિલ્મ 'ઇક કુડી' વિશે વાત કરીએ તો, તે એક પંજાબી ફિલ્મ છે જેની વાર્તા અભિનેત્રીની આસપાસ ફરે છે. ફિલ્મમાં, શહેનાઝ પોતાના માટે વર શોધતી જોવા મળે છે. આ ફિલ્મ ૩૧ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે, અને અભિનેત્રીના ચાહકો તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અગાઉ, અભિનેત્રી 'થેંક યુ ફોર કમિંગ'માં જોવા મળી હતી.શહેનાઝ ગિલે પંજાબી સિનેમામાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી. તેણીએ પહેલા મોડેલિંગ કર્યુ અને પછી અભિનયમાં પ્રવેશ કર્યો. જોકે, તેણીને સલમાન ખાનના શો 'બિગ બોસ ૧૩' દ્વારા ખરી ઓળખ મળી. આ શોએ શહેનાઝને રાષ્ટ્રીય ખ્યાતિ અપાવી. ત્યારબાદ તેણે સલમાન ખાનની ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી.

**આ ફિલ્મ ૩૧ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે, અને અભિનેત્રીના ચાહકો તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે**

### 'સારાભાઇ વર્સિસ સારાભાઈ'ના કલાકારોએ શ્રદ્ધાંજલિ આપી

# અભિનેતા સતીશ શાહની પ્રાર્થના સભામાં સોનુ નિગમે ગાયું ગીત

### સોનુ નિગમે સતીશ શાહને શ્રદ્ધાંજલિ આપવા માટે 'તેરે મેરે સપને' ગીત ગાયું, જેમાં તેમની પત્ની મધૂએ પણ તેને સાથ આપ્યો

અભિનેતા સતીશ શાહનું નિધન ૨૫ ઓક્ટોબરે થતાં સૌ કોઈ ખૂબ જ દુ:ખી હતા. તેમના માટે ૨૭ ઓક્ટોબરે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રાર્થના સભામાં ટીવી જગતના અનેક કલાકારો હાજર રહ્યા હતા. વળી, સતીશ શાહના લોકપ્રિય શો 'સારાભાઈ વર્સિસ સારાભાઈ'ના સહ-અભિનેતાઓ પણ જોવા મળ્યા હતા. ગાયક સોનુ નિગમની હાજરી પણ પ્રાર્થના સભામાં નોંધનીય રહી. આ તમામ લોકોએ ગીત ગાઈને સતીશ શાહને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.સોનુ નિગમે સતીશ શાહને શ્રદ્ધાંજલિ આપવા માટે 'તેરે મેરે સપને' ગીત ગાયું, જેમાં તેમની પત્ની મધૂએ પણ તેને સાથ આપ્યો. આ સમયે ત્યાં હાજર સૌ કોઈ ખૂબ જ ભાવુક જોવા મળ્યા હતા. બધાએ સાથે મળીને સતીશ શાહની જીવન યાત્રાને યાદ કરીને ઉજવણી કરી. જણાવી દઈએ કે સતીશ શાહે આ વર્ષની શરૂઆતમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું હતું. જેથી તેઓ તેમની પત્ની મધૂની દેખભાળ કરી શકે, કારણ કે સતીશના પત્ની હાલમાં અલ્ઝાઈમર બીમારી સામે ઝઝૂમી રહ્યા છે.પ્રાર્થના સભામાં 'સારાભાઈ વર્સિસ સારાભાઈ'ના કલાકારોએ પણ સતીશ શાહને શ્રદ્ધાંજલિ આપી. રૂપાલી ગાંગુલી, સુમીત રાઘવન, રોશેશ કુમાર (રાજેશ કુમાર) અને દેવેન ભોજાણીએ સાથે મળીને ગીત ગાયું. બધા ખૂબ જ ભાવુક દેખાયા હતા. તેમણે સતીશ શાહના અંતિમ સંસ્કાર વખતે પણ ગીત ગાયું હતું. કલાકારોએ કહ્યું કે તેમણે ગીત એટલા માટે ગાયું, કારણ કે તેઓ જ્યારે પણ સાથે મળતા ત્યારે શોનું ટાઈટલ ટ્રેક ગાતા હતા.સતીશ શાહના મેનેજર રમેશ કડતલાના કહેવા મુજબ, આ ઘટના લંચના સમયે, બપોરે લગભગ ૨ વાગ્યાની આસપાસ બની હતી.



# વૈશ્વિક વ્યવસાયને ભારત સુધી લાવવા કાર્યરત પી.એચ.ડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટિવ કમિટીના અધ્યક્ષ પદે દિલીપ સંઘાણી, કાર્યભાર સંભાળ્યો

**PHDCCI વિશ્વના ૧.૫૦ લાખ ઉદ્યોગો સાથે જોડાયેલ છે. સહકારી ક્ષેત્રે દિલીપ સંઘાણીના કૂશળ નેતૃત્વનો લાભ નવી દિશા આપશે, સંઘાણી ઉપર શુભકામનાઓનો ધોધ**




દેશની વિકાસ યાત્રામાં સહકાર વિવિધ ક્ષેત્રે અગ્રેસર ભૂમિકા ભજવી દેશના પ્રધાનમંત્રી અને સહકાર મંત્રીના ''સહકાર થી સમૃધ્ધિ'' સંકલ્પને ચરિતાર્થ કરવા કમર કસી છે તેવા સમયે અનેક સહકારી સંસ્થાઓને નેતૃત્વ અને માર્ગદર્શન પુરૂ પાડતા ગુજરાતના પૂર્વ કેબીનેટ મંત્રી અને NCUI, ઈફકો અને ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપ સંઘાણીની પી.એચ.ડી.ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ કમિટીના અધ્યક્ષ તરીકે નિમણૂંક થતા આજરોજ કાર્યભાર સંભાળેલ. PHDCCI છેલ્લા ૧૨૦ વર્ષથી ભારતીય ઉદ્યોગ, વેપાર અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે ઉત્પ્રેરક તરીકે કામ કરી રહ્યું છે. ઉદ્યોગ અને સરકાર સાથે પ્રગતિશીલ ભાગીદાર તરીકે, PHDCCI ભારતીય અર્થતંત્રની પ્રગતિ, સંવાદિતા અને સંકલિત વિકાસને આગળ વધારવા માટે મજબૂત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જોડાણો સાથે પાયાના સ્તરે કામ કરે છે. PHDCCI, વિશ્વના આશરે ૧,૫૦,૦૦૦ થી વધુ મોટા, મધ્યમ અને નાના ઉદ્યોગો સુધી પહોંચતા ''ઉદ્યોગ અને વેપારનો અવાજ'' તરીકે કાર્ય કરે છે, ભારતીય અર્થતંત્રને આગલા સ્તર પર લઈ જવા માટે અનેક ક્ષેત્રોમાં ઉદ્યોગ જ્ઞાન સાથે તેના વારસાનો ઉપયોગ કરીને આગળ વધવા માટે PHDCCI પ્રતિબદ્ધ છે. ઉદ્યોગ અને સરકાર વચ્ચેના સહયોગી ભાગીદાર તરીકે પી.એચ.ડી.ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ દેશના વિવિધ વિસ્તારોમા મૂળસ્તરે કાર્ય કરી ભારતના અર્થતંત્રના સમન્વિત વિકાસ, પ્રગતિ અને સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છે. આજ રોજ દિલીપ સંઘાણી એ પી.એચ.ડી.ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ કમિટીના અધ્યક્ષ તરીકે કાર્યભાર સાંભળતા PHDCCI ના ડેપ્યુટી સેક્રેટરી જનરલ ડૉ. જતિન્દર સિંહ, સિનિયર સેક્રેટરી શ્રી રૂપેશ પાંડે અને IFFCO ના સિનિયર જનરલ મેનેજર શ્રી તરુણ ભાર્ગવે શુભેચ્છા પાઠવી હતી. શ્રી દુષ્યંત સિંહ પુનિયા અને NCUI ના ડિરેક્ટર પ્રદીપ કુમાર ઉપસ્થિત રહ્યા હતા

# જીવનમાં એ જ વ્યક્તિ નમી શકે અથવા ખમી શકે છે, જેનાં મનમાં પોતાના સંબંધો માટે માન સન્માન અને પ્રેમ હોય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

બે વાવાઝોડાં ડિપ્રેશનની અસર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મેઘ તાંડવરૂપે જોવા મળી રહી છે જેમાં ખેડૂતો,પશુપાલકો,ગૌશાળા પાંજરાપોળ સંચાલકોની હાલત કફોડી બની ગઈ છે કુદરત આગળ છેવટે કૂદાકૂદ કરતો જીવ લાચાર જ બને છે. ભગવદ્ગીતા જ્ઞાનમાં આગળ આપણે જોઈએ તો ગોપીઓ શ્રીકૃષ્ણને કામભાવ થી ભજતી હતી, પણ જેનું તેઓ ધ્યાન કરે છેતે શ્રીકૃષ્ણ નિષ્કામછે નિષ્કામ શ્રીકૃષ્ણનું,ધ્યાન કરતાં ગોપીઓ નિષ્કામ બની.પરમાત્મા પૂર્ણ નિષ્કામ હોવાથી પરમાત્માને અર્પણ કરેલો કામનિષ્કામ બન્યો. કામનો જન્મ રજો ગુણથી થાય છે.ઈશ્વર બુદ્ધિથી પર છે. ઈશ્વર પાસે કામ જઈ શકતો નથી.સૂર્ય પાસે અંધકાર જઈ શકતો નથી, તેમ જેનું ચિંતન કરે છેતે શ્રીકૃષ્ણ નિષ્કામહોવાથી કામભાવથી શ્રી કૃષ્ણનું ચિંતન કરનાર ગોપીઓ કામ ખોઈ બેઠી અને નિષ્કામ બની ગઈ. કંસ બીકના લીધે તન્મય થયો હતો. તેને દેવકીનો આઠમો જ બધે દેખાય.શિશુપાલ દ્વેષથી પણ ચિંતન ભગવાનનું કરતો હતો. આમ કોઈ પણ ભાવથી ઈશ્વરમાં તન્મય થવાની જરૂર છે. હરકોઈ ઉપાયે ઈશ્વરમાં તન્મય બનો,શ્રી કૃષ્ણમાં લીન બનો.શિશુપાલ સાધારણ માનવી ન હતો તે વિષ્ણુ ભગવાનનો પાર્ષદ હતો. જયવિજયની વાત આગળઆવી ગઈ છે. તેમાંનો એ એક છે. નારદજીએ જયવિજયના ત્રણ જન્મોની કથા સંક્ષેપમાં કહી. જયવિજય પહેલા જન્મમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા,બીજા જન્મમાં રાવણ,કુંભ કર્ણ અને આ ત્રીજા જન્મમાંશિશુ પાલ અને દતવત્ર રૂપેજન્મ્યા છે.

પછી નારદજીએ હિરણ્યકશિપુ અને પ્રહલાદની કથા શરૂ કરી. દિતિના બે પુત્રો હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ. હિરણ્યાક્ષનો વધ વરાહ ભગવાને કર્યો.હવેહિરણ્યક શિપુની વાત આવે છે. ધર્મરાજા પૂછે છે,પ્રહલાદ મહાન ભગવદ ભક્ત હતો,છતાં હિરણ્યકશિપુને તેને મારવાની કેમ ઈચ્છા થઈ? નારદજી બોલ્યા,દિતિએ ભેદ બુદ્ધિ છે.ભેદ બુદ્ધિમાંથી હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ જન્મે છે. મમતા અને અહંકાર જન્મે છે.આ'હું'અને'મારું' ભેદ બુદ્ધિનાં સંતાનો છે.સર્વ દુઃખનું મૂળ ભેદબુદ્ધિ છે. સર્વ સુખનું મૂળ અભેદભાવ છે.અભેદ ભાવ શરીરથી નહીં,બુદ્ધિથી થાય તો સર્વમાં સમભાવ આવે છે. અહંકારને મારવો કઠણ છે.વિવેક થી મમતાનો નાશ થઈ શકે,પરંતુ અહંભાવનો નાશ થઈ શકતોનથી અર્પણ કરનાર પોતાના હુંપણાનું પણ અર્પણ કરે તો ઠાકોરજી કૃપા કરે છે. મારામાં અભિમાન નથી એમ માનવુંએ પણ અભિમાન છે હિરણ્યકશિપુ અહંકારનુંસ્વરૂપછે હિરણ્યકશિપુનું વર્તન એવું છે કે, તે દેવોને, જ્ઞાની પુરુષોને, સર્વને ત્રાસ આપે છે. અભિમાન સર્વને ત્રાસ આપે છે,સર્વને રડાવે છે. અહંકારને મારવો કઠણછે.તે રાત્રે મરતો નથી,દિવસે મરતો નથી ઘર ની બહાર કે ઘરની અંદર પણ તે મરતો નથી.તે ઘરની બહાર અને ઘરની અંદર પણ હોય છે. અહંકાર શસ્ત્ર કે અસ્ત્રથી મરતો નથી. તેને વચલી જગ્યામાં મારવો પડશે. મનુષ્ય અહંકારને મારે તો તે ઈશ્વરની સમીપ પહોંચે છે. મનુષ્યને દુઃખ આપનાર આ અહં કાર છે.આ અહંકારને મારવાનો છે. એ બીજે ક્યાંય નહીં મરે. એને ઊંબરામાં જ મારી શકાશે. ઊંબરામાં એટલે બે વૃત્તિઓની વચમાં. તો એ અહંકાર મરશે. પ્રત્યેક ઈન્દ્રિયનું મિલન ઈશ્વર સાથે ન થાય ત્યાં સુધી અહંકાર નહીં મરે. હિરણ્યકશિપુ જ્ઞાની હતો પણ તેનું જ્ઞાન અહંતા-મમતાથી ભરેલું હતું. પોતાના ભાઈના મરણપ્રસંગે તે બ્રહ્મોપદેશ કરે છે. બીજાને બોધ આપે અને પોતે જીવનમાં ન ઉતારે તે અસુર.હિરણ્યકશિપુ બીજાને જ્ઞાનનો બોધ આપે છે અને પોતે મનમાં વિચારે છે કે, મારા ભાઈનો વધ કરનાર વિષ્ણુ ઉપર ક્યારે વેર વાળું?પેલા સાધુ ની વાત જેવું છે. બીજાનો દીકરો મરી ગયો તો તેને નહીં રડવાનું કહે છે,ને પોતાની ભેંસ મરી ગઈ તો રોવા બેસે છે. પૂછતાં કહે છે કે દીકરો તારો હતોને ભેંસ મારી હતી! આ 'મારી'ની જ બધી પંચાત છે. એ અહંતા-મમતા હોય ત્યાં સુધી જ્ઞાન પચે નહીં.ભક્તિ વગરનુંજ્ઞાન કેવળ કાંકરાછે,તેથી જીવને લાભ થતો નથી.જ્ઞાનનો અનુભવ વૈરાગ્ય અને ભક્તિ વગર થતો નથી. વેદાંત અને બ્રહ્મજ્ઞાનનીવાતો કરે અને પ્રેમ સંસારના વિષયો સાથે કરે, એનું નામ દૈત્ય.એ દૈત્ય વંશનો.દૈત્યને ઓળખવાનું આ જ લક્ષણ છે. હિરણ્યાક્ષના મૃત્યુના સમાચાર સાંભળી હિરણ્યકશિપુ કહે કે, મારા ભાઈને મારનાર વિષ્ણુ સાથે હું યુદ્ધ કરીશ.હું એને જોઈલઈશ માતા દિતિએ હિરણ્યક શિપુને બોધ આપ્યો કે,વિષ્ણુ સાથે લડવાની વાત છોડ.હિરણ્યકશિપુ એ વિચાર્યું કે,ઠીક છે,તો હુંહમણાં વિષ્ણુ સાથે લડવા નહીં જાઉં. પહેલાં વરદાન પ્રાપ્ત કરી અજર અમર બની જાઉં તે પછી યુદ્ધ કરવા જઈશ. આમ હિરણ્યકશિપુ તપશ્ચર્યા કરવા જાય છે. હિરણ્યકશિપુની પત્નીનું નામ કયાધુ.એ પૂછે છે કે, તપશ્ચર્યા કરી ઘરે ક્યારે આવશો? હિરણ્યકશિપુએ જવાબ આપ્યો, કંઈ કહેવાય નહીં. દશ હજાર વર્ષ તપ કરીશ પણ સિદ્ધિ પ્રાપ્ત કર્યા વિના પાછો આવવાનો નથી. હિરણ્યકશિપુ મંદરાચળ પર્વત ઉપર તપ કરવા ગયો. દેવો ગભરાયા. તેમણે બૃહસ્પતિને પ્રાર્થના કરી છે. હિરણ્યકશિપુની તપશ્ચર્યામાં વિઘ્ન કરો. બૃહસ્પતિ પોપટ રૂપે મંદરાચળ પર્વત ઉપર આવ્યા અને હિરણ્યકશિપુ જે જગ્યાએ તપ કરવા બેઠેલો તેની નજીકના વૃક્ષ ઉપર બેસી નારાયણ, નારાયણ એમ બોલવા લાગ્યા.હિરણ્યકશિપુ મંત્રનો જપ કરવા લાગે,ને સામે પોપટ નારાયણ,નારાયણ બોલે. હિરણ્યકશિપુને થયું, જે વિષ્ણુને મારવા હું તપશ્ચર્યા કરું છું,તેનું આમ નામ સાંભળવું પડે એ તો અપશુકન કહેવાય. માટે આજે હું તપમાં નહીં બેસું. કંટાળીને એ ઘરે આવતો રહ્યો.

# ધંધુકામાં આંગણવાડી કાર્યકર બહેનો માટે વિશેષ સંવેદનશીલતા તાલીમ યોજાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।

તાલીમમાં લિંગ સમાનતા, બાળ અધિકાર, બાળ સુરક્ષા અને કિશોરીઓના સર્વાંગી વિકાસ જેવા વિષયોની જાણકારી અપાઈ, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા ધંધુકા તાલુકામાં બેટી બચાવો, બેટી પઢાવો યોજનાને વધુ સાર્થક બનાવવાના હેતુથી આંગણવાડી કાર્યકર બહેનો માટે એક વિશેષ સંવેદનશીલતા અભિમુખતા તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આંગણવાડી કાર્યકર બહેનોને લિંગ સમાનતા, બાળ અધિકાર, બાળ સુરક્ષા અને કિશોરીઓના સર્વાંગી વિકાસ જેવા ગહન વિષયો વિશે જાગૃત કરવાનો હતો. તાલીમ દરમિયાન ઉપસ્થિત મહિલાઓને બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ અને POCSO અધિનિયમની જોગવાઈઓ તેમજ બાલિકાઓના શિક્ષણ અને સ્વાવલંબનના મહત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જે તેમને ક્ષેત્ર સ્તરે અસરકારક રીતે કાર્ય કરવામાં મદદરૂપ થઈ શકે. સાથે જ, તેમને પીસી અને પીએનડીટી એક્ટ વિશે પણ જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે, મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ-હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનાની ટીમે ખાસ હાજરી આપી હતી. ટીમે આંગણવાડી કાર્યકર બહેનોને 'બેટી બચાવો, બેટી પઢાવો'ના સંદેશને ગ્રામ્ય સ્તરે વધુ સક્રિય અને અસરકારક રીતે પહોંચાડવા માટે પ્રેરિત કરી હતી. સમગ્ર તાલીમ કાર્યક્રમ દ્વારા આંગણવાડી બહેનોને સમાજમાં લિંગ સમાનતાનું મહત્વ સમજીને, દરેક દીકરીના શિક્ષણ અને સુરક્ષા પ્રત્યે વધુ સંવેદનશીલ અને જવાબદાર બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.





આ પ્રસંગે, મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ-હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનાની ટીમે ખાસ હાજરી આપી હતી. ટીમે આંગણવાડી કાર્યકર બહેનોને 'બેટી બચાવો, બેટી પઢાવો'ના સંદેશને ગ્રામ્ય સ્તરે વધુ સક્રિય અને અસરકારક રીતે પહોંચાડવા માટે પ્રેરિત કરી હતી. સમગ્ર તાલીમ કાર્યક્રમ દ્વારા આંગણવાડી બહેનોને સમાજમાં લિંગ સમાનતાનું મહત્વ સમજીને, દરેક દીકરીના શિક્ષણ અને સુરક્ષા પ્રત્યે વધુ સંવેદનશીલ અને જવાબદાર બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

# એસ.ટી નિગમની દિવાળીના તહેવારોમાં પ્રશંસનીય કામગીરી ૮ હજારથી વધુ એક્સ્ટ્રા ટ્રીપો દ્વારા તહેવારોમાં રાજ્યના ૩.૭૮ લાખથી વધુ મુસાફરોએ લીધો લાભ

। (માહિતી) નડિયાદ, તા.૨૯ ।

રાજ્યના નાગરિકો દિવાળીના તહેવારની ઉજવણી પોતાના વતનમાં વધુ સારી રીતે કરી શકે તે માટે એસ.ટી નિગમ દ્વારા દર વર્ષે સુદ્રઢ યાતાયાત સુવિધા સુનિશ્ચિત કરવામાં આવે છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના દિશાનિર્દેશ હેઠળ આ વર્ષે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા કુલ ૮,૬૪૮ જેટલી એક્સ્ટ્રા ટ્રીપનું સફળ આયોજન કરીને ૩.૭૮ લાખથી વધુ મુસાફરોને પોતાના વતનમાં સમયસર અને સલામત રીતે પહોંચાડવામાં આવ્યા છે. આ વર્ષે દિવાળીના તહેવારો દરમિયાન એસ.ટી નિગમના તમામ વિભાગ દ્વારા તા.૧૬ થી તા.૨૦ ઓક્ટોબર ૨૦૨૫, દરમિયાન એક્સ્ટ્રા બસોનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. મુસાફરો દિવાળીના તહેવારો પોતાના વતનમાં ઉજવી શકે તે માટે સૌથી વધુ નડીયાદ ખાતેથી ૧,૮૫૧ એક્સ્ટ્રા ટ્રીપો ચલાવી ૬૪,૦૦૦ મુસાફરોએ તથા સુરત શહેરમાં રહેતા સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતના રત્નકલાકારો તેમજ અન્ય મુસાફરો માટે ૧૩૦૦ ટ્રીપો થકી ૬૮,૦૦૦ મુસાફરોએ મળીને ફકત બે શહેરોથી જ ૩,૧૫૧ ટ્રીપોના માધ્યમથી ૧.૩૨ લાખથી વધુ મુસાફરોએ લાભ લીધો હતો.

# ઝાલોદ અને ગુરુ ગોવિંદ લીમડી તાલુકાની સસ્તા અનાજના સંચાલકો દ્વારા પડતર માંગણીઓને લઈ મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ તેમજ ગોવિંદ ગુરુ લીમડી તાલુકામા અંદાજીત ૧૦૮ જેટલી સસ્તા અનાજની દુકાનો આવેલ છે. આ સસ્તા દુકાનના સંચાલકો દ્વારા ફેર પ્રાઇઝ શોપ એસોસિયેશનના બેનર હેઠળ આવેદનપત્ર આપતા ચીમકી ઉચ્ચારેલ હતી જે જો ૩૧ ઓક્ટોબર સુધી પડતર માંગણીઓનો નિકાલ કરવામાં નહીં આવે તો પહેલી નવેમ્બર થી તમામ સસ્તા અનાજની દુકાનના સંચાલકો હડતાળ પર ઉતરશે. ઝાલોદ તાલુકાના ફેર પ્રાઇઝ શોપ એસોસિયેશન દ્વારા ગુજરાત સરકારના પુરવઠા મંત્રી તેમજ સંબંધિત અધિકારીઓને લેખિત આવેદનપત્ર આપતા જણાવ્યું હતું કે વર્ષો જુની અને પડતર માંગણીઓ માટે વારંવાર રજૂઆત કરવામાં આવેલ છે. આ રજૂઆતમાં કમીશન દરમાં વધારો, ઈ-પ્રોફાઈલમા તકેદારી સહાયકનો ઉમેરો, સિંગલ ફિંગર પ્રિન્ટ દ્વારા બે બિલ અને સમિતિ ૮૦ ટકા બાયોમેટ્રીક વેરીફિકેશનનો પરિપત્ર રદ કરવા અને સમયસર કમિશનની ચૂકવણી તેમજ ટેકનિકલ તથા વહીવટી પ્રશ્નોના નિરાકરણ જેવી મુખ્ય માંગણીઓનો સમાવેશ થાય છે. આ પડતર માંગણીઓનો જો સંતોષકારક નિરાકરણ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા માટેની ચીમકી ઉચ્ચારવામાં આવેલ હતી તેમજ નવેમ્બર ૨૫ માસમાં જથ્થાના ચલણ નહીં ભરવા તેમજ ૧ નવેમ્બર થી વિતરણ પ્રક્રિયા થી સંપૂર્ણ અળગા રહેવાનો નિર્ણય ફેર પ્રાઇઝ શોપ એસોસિયેશન દ્વારા લેવામાં આવેલ હતો.

# દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા એ લોકટોળાના હુમલામાં ઈજાગ્રસ્ત એ.એસ.આઈ સુભાષભાઈના તબિયતની પૃચ્છા કરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ ડિવિઝનના ચાકલીયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ સુભાષ નીનામા અકસ્માત થયેલ વ્યક્તિને પેથાપુર ખાતે સી.એચ.સી સેંટર લાવેલ હતા અને અકસ્માત થયેલ સ્થળ પર થી અકસ્માત થયેલ વાહનો હટાવી લીધેલ હતા તેને લઈ અકસ્માતમાં મરણ થયેલ વ્યક્તિના અંદાજીત પચાસ જેટલા પરિવારજનો દ્વારા એ.એસ.આઈ સુભાષ પર પ્રાણ ઘાતક હુમલો કર્યો હતો જેને લઈ તેઓની તબિયત લથડી ગયેલ હતી જેને લઈ સુભાષભાઈને તાત્કાલિક ઝાલોદ ખાતે આવેલ સાજી હોસ્પિટલમા દાખલ કરેલ હતા. તેઓને શરીરના અંદરની માર વાગતા તેઓને શરીરમાં બેચેની અને દુખાવો વધુ રહેતા તેઓને તાત્કાલિક ઝાલોદની રાધિકા હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા ટોળાના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલ સુભાષભાઈના ખબર અંતર પૂછવા રાધિકા હોસ્પિટલ ખાતે આવેલ હતા. પોલીસ અધિક્ષક દ્વારા ડોક્ટર સાથે પણ તેઓની તબિયત માટે વાતચીત કરી હતી તેમજ સુભાષભાઈના સારવાર માટે વિશેષ ધ્યાન આપી પૂરી તકેદારી રાખે તેવી ટકોર કરેલ હતી. પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા એ સુભાષભાઈના પરિવારજનો ને કહ્યું હતું કે પોલીસ પરિવાર આ દુઃખની ઘડીમાં તેઓની સાથે છે તેમજ પરિવારજનો ને કોઈપણ પ્રકારની કોઈપણ તકલીફ કે કોઈ કામગીરી હોય તો તુરંત તેઓને જણાવવા કહ્યું હતું. પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા સાથે ઝાલોદ ડિવિઝનના ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ પણ હાજર રહેલ હતા.

# ધન્ય રે ધન્ય મહા પુણ્ય જશોદા તણું ! નરસિંહનાં આ પદમાં ત્રિપરિમાણીય સત્ય છુપાયું છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. તહેવારોની હારમાળા સમાપ્ત થતા ફરી એ જ રફતારની જેમ બધા કામ ધંધે ચડી ગયાં હશે. ત્રેતા યુગમાં ભગવાન શ્રીરામ ૧૪ વર્ષનાં વનવાસ બાદ ફરી આસો વદ અમાસ એ અયોધ્યા પધારે છે, અને અંધારાં ને દૂર કરવા આંગણ આંગણ દીવડાઓ પ્રગટાવી અજવાળા કરીને ભગવાન શ્રીરામનું સ્વાગત થયું હતું, અને પછી રામરાજ્ય! એની ખુશીમાં આપણે દિવાળીનો ઉત્સવ ઉજવીએ છીએ. સત્ય થી જ જ્ઞાન છે, અને જ્ઞાનથી જ અજવાળું છે, અને અને અજવાળામાં જ શુદ્ધ આચરણ શક્ય છે! સંતોષ છે, અને એટલે જ શાંતિ પણ છે! કાળ ગણનાની રીતે ત્રેતા યુગને બહુ લાંબો સમય વીતી ગયો, અને કળિયુગ પણ પોતાનો વ્યાપ વધારી રહ્યો છે, ત્યારે સત્ય, જ્ઞાન, અજવાળુ, સંતોષ, આ બધું એટલું આસાનીથી નથી થતું અને માત્ર શબ્દ બની રહ્યાં છે. કારણ કે સત્ય જાણતા હોવા છતાં સ્થિર બુદ્ધિ ન્હોય આચરણમાં સાતત્ય નથી રહેતું! અને એટલે આપણે બુદ્ધિને નીરામય બનાવવા માટે સતત પ્રાર્થના કરવી જોઈએ. આજે ગુરુવાર એટલે પ્રાર્થના નો ક્રમ! હિન્દુ સંસ્કૃતિની કઈ કેટલીય લાક્ષણિકતાઓ છે, પરંતુ એમાં ઈશ્વર પણ અવતાર લઈને પૃથ્વી પર આવ્યા હતાં, અને એક સામાન્ય માનવી જેમ જીવીને ધર્મની પુનઃ સ્થાપના કરી હતી એ વાત ખૂબ જ અલહાદક છે. આપણે પ્રાર્થનાના ક્રમમાં નરસિંહના વિવિધ પદને જોઈ રહ્યા છીએ, તો કૃષ્ણ લીલાનાં આ પદ વિશે નરસિંહ ની નજરે ચિંતન કરીએ.

★★ નરસિંહ મહેતા★★

ધન્ય રે ધન્ય મહા પુણ્ય જશેદા તણું,
પુત્ર ભાવે પરિબ્રહ રાજે,
નંદનો નંદ આંનંદ થઈ અવતર્યા, શેશ બળીભદ્ર સંગે બિરાજે,
ધન્યરે ધન્ય..

કવિ કહે છે કે માતા જશોદા નું પુણ્ય કેવું અને કેટલું હશે? કે સ્વયં વિષ્ણુ એ ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વી પર અવતાર લીધો. નંદના આનંદ થઈ જન્મ લીધો અને બળભદ્ર જેવા મોટાભાઈ મળ્યા.

અમર આહીર અરધાંગ ગેપાંગના, વૃક્ષવેલી સર્વ રૂપી રાણી;
ભક્તિ તે રાધિકા, મુક્તિ જશોમતી, વ્રજ વૈકુઠ તે વેદવાણી, ધન્ય રે ધન્ય..

શ્રી કૃષ્ણ લીલાના સાક્ષી બનવા માટે જે અમર ચેતના હોતી એ બધાં જ ગોપ રુપે આહિર બન્યા, અને ઈશ્વરનું સાનિધ્ય પામવા એમની રાણીઓ ગોકુળ વૃંદાવનની વૃક્ષ અને વેલી બન્યા.

ભગવાનની ભક્તિ રાધિકા બની મુક્તિ જશોદા બન્યા વ્રજ જાણે વૈકુંઠ બન્યું હોય એમ સર્વે વેદવાણી વદે છે, એટલે કે કહે છે.

નિગમ વસુદેવજી ગાય ગોપી રૂચાં, દેવકી બ્રમ્હ વિવાદ કહાવે;
બ્રહ્મા કર લાકડી વેણુ મહાદેવજી, પંચ વદન કરી ગાન ગાવે,
ધન્ય રે ધન્ય...

વેદ જેને આગમ નિગમ કહે છે તે વાસુદેવ બને છે, એટલે કે ભગવાન નાં જન્મનું કારણ વાસુદેવ બને છે, વેદની ઋચાઓ વ્રજની ગાય અને ગોપીઓ બની સતત એની આસપાસ ઘૂમે છે. જ્યારે જન્મ દેવકીય આપ્યો હોવા છતાં ભગવાન જશોદા પાસે ઉછરે છે! અને આમ દેવકી બ્રહ્મ સાથે આ બાબત વિવાદ કરે છે.

ગાયો ચરાવવા માટે હાથમાં જે લાકડી રાખે છે તે બ્રહ્મા છે વ્રજમાં જે વેણુ ગાન કરે છે એ વેણુ સ્વયમ ભગવાન શિવ છે, જે પંચવદન કરી ગાન ગાયે છે! એટલે કે શિવને આપણે પંચ મુખી કહ્યાં છે તો, પાંચ ગણી પ્રેમ શક્તિથી વેણુ એટલે કે મોરલી વગાડી સૌને મોહિત કરે છે.

ઈંદ્ર અરજુન, અહંકાર દુર્યોધન, દેવતા સર્વે અવતાર લીધે,
ધર્મ તે યુધિષ્ટિર જાણજો, દાસનો દાસ નરસૈને કીધો, ધન્યરે ધન્ય...

દેવોનાં દેવ રાજા ઈન્દ્રએ અર્જુન બની કૃષ્ણ લીલાને માણી, જ્યારે અહંકાર દુર્યોધન બન્યો અને એ રીતે શ્રી કૃષ્ણના દુશ્મન બની કોપનો સામનો કર્યો. સ્વયં ધર્મનું યુધિષ્ઠિર તરીકે અવતરણ થયું, દાસના દાસ નરસિંહને કીધો! એટલે કે નરસિંહ દાસ રહેવામાં જ માને છે.

આમ તો આ પદ અને એનાં શબ્દોનો સૌ કોઈ પામી શકે એટલું સરળ લાગે છે પણ આજે પૂજ્ય બાપુની રામ યાત્રાની કથા સાંભળતી હતી તો હનુમાન કરતાં એની માતા અંજની મહાન છે? શ્રીરામ કરતાં કૌશલ્યા! ભરત ને કૈકેયી જેવી માતા એ જન્મ આપ્યો, એમ સૌથી શ્રેષ્ઠ તો એક નારી ચેતના છે ! એમ એનું સન્માન કર્યું. આ પદ ની વાત કરીએ તો સાવ સીધા સાદા શબ્દોમાં નરસિંહ કેટલી મોટી વાત કરી ગયાં, અને જશોદા ને ધન્ય કહેવાની એની વાત સો ટકા સાચી છે, કારણ કે જશોદાનું પુણ્ય તો દેવકી કરતાં પણ વધુ રહ્યું હશે, અને એટલે જ વાસુદેવ દેવકીએ જન્મ આપ્યો હોવા છતાં, ભગવાન ગોકુળમાં નંદ જશોદાના ઘરે ઉછર્યા, અને એની એક એક બાળલીલાનાં સાક્ષી બન્યાં! આ એક આંખનું સત્ય છે, એટલે કે પ્રેમ કે મમતાની રીતે આપણે આમ મુલવી શકીએ. નરસિંહ એ બીજી વાત એ કરી કે બ્રહ્મ એટલે કે ઈશ્વર પણ જ્યારે અવતાર કાર્ય કરવાં માટે પૃથ્વી પર આવે છે, ત્યારે એ કાર્યકારણ સિદ્ધાંતથી બંધાયેલા હોય છે, અને એને એટલે જ એની આસપાસ બ્રહ્મ સત્તા પ્રેરક બની પ્રવર્તમાન હોય છે! જે પોતે પણ શક્તિમાન હોય અને એને આ કાર્ય માટે મદદ કરી શકે. માનવીને બે આંખ છે, અને બંને આંખની દ્રષ્ટિનું સાતત્ય એક થતા ઘણી વાર લાગે, અને એટલે જ એક આંખમાં મમતા એટલે કે ભક્તિ અને બીજી આંખમાં જ્ઞાન રૂપી સત્ય એમ બંને દ્રષ્ટિએ એમને પરબ્રહ્મના અવતરણ કાર્યને મૂલવીને માતા જશોદાના પુણ્યને ધન્ય જણાવ્યું છે!; પણ આ ત્રિપરિમાણીય સત્યનો એક પક્ષ હજી બાકી છે, અને જે આજે મને એક ત્રીજો પરિપેક્ષ સૂચવે છે, અથવા નરસિંહની ચેતના લખવા પ્રેરે છે, જે વાત બહુ સુક્ષ્મ છે! કે ખરેખર ધન્ય છે,એ ભારતીય આર્ય નારી! પછી એ ભગવાન શ્રીરામની માતા કૌશલ્યા હોય, હનુમાનની માતા અંજની હોય, કે ભરતની માતા કૈકેયી હોય કે શ્રીકૃષ્ણની માતા જશોદા હોય, પણ એમની મમતા એ એને ક્યારેય પોતાના અવતાર કાર્ય કરવા વિશે મનાઈ નથી કરી, જન જનનું હિત જેમાં સમાયું છે! અથવા તો પૃથ્વી પરના અધર્મ નાં વિનાશ માટે જ એનો જન્મ છે, એ સત્યને સહજ સ્વીકાર્યું લીધું. તો આ છે નરસિંહની નજરે અંકાયેલુ શબ્દ ચિત્ર જે ગોકુળ વૃંદાવનનું સૌથી શ્રેષ્ઠ અને સચોટ અથવા ખરું મહાત્મ્ય બતાવે છે. આપણી મમતા કે મોહ કોઈ માટે બાધક ન બને, એ રીતે ધર્મ પ્રેરક જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

## કેપ્ટન સૂર્યાના કંગાળ ફોર્મથી જરાય ચિંતિત નથીઃ ગંભીર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે અને બુધવારથી તે પાંચ મેચની ટી૨૦ સિરીઝ રમવાની છે ત્યારે ટીમનો કેપ્ટન સૂર્યકુમાર યાદવ બેટિંગમાં ખાસ સારું ફોર્મ ધરાવતો નથી પરંતુ ટીમના ચીફ કોચ ગૌતમ ગંભીરને આ અંગે જરાય ચિંતા નથી. ગંભીરે જણાવ્યું હતું કે જ્યાં સુધી ટીમ સારો દેખાવ કરી રહી છે અને સફળતા હાંસલ કરી રહી છે ત્યાં સુધી સૂર્યકુમાર યાદવના ફોર્મની મને ચિંતા નથી.ભારતીય ટીમ હાલમાં ટી૨૦માં અલ્ટ્રા આક્રમક સ્ટાઈલનું ક્રિકેટ રમી રહી છે. તાજેતરમાં જ તેણે યુનાઈટેડ આરબ અમિરાતમાં યોજાયેલા એશિયા કપમાં શાનદાર પ્રદર્શન કરીને ટાઈટલ જીતી લીધું હતું. જોકે આ ટુર્નામેન્ટ દરમિયાન કેપ્ટન સૂર્યકુમાર યાદવ સારા ફોર્મમાં ન હતો. તેણે એશિયા કપમાં સાત ઈનિંગ્સમાં માત્ર ૭૨ રન ફટકાર્યા હતા. જોકે આ પ્રકારના ફોર્મ છતાં સૂર્યકુમાર યાદવને ટીમના ચીફ કોચ ગૌતમ ગંભીર તરફથી સપોર્ટ મળ્યો છે. ગંભીરે જણાવ્યું હતું કે પ્રામાણિકતાથી કહું તો સૂર્યાનું કંગાળ ફોર્મ મને જરાય ચિંતિત કરતું નથી કેમ કે અમે હાલમાં અલ્ટ્રા આક્રમક રમતની યોજના ઘડી છે અને તમે જ્યારે આ પ્રકારની ફિલસૂફી અપનાવતા હો ત્યારે નિષ્ફળતા તો આવવાની જ છે.

### વર્તમાન વર્લ્ડ કપમાં પ્રતિકા રાવલે શાનદાર ફોર્મ દાખવ્યું છે

## ઘાયલ પ્રતિકા રાવલ વિમેન્સ વર્લ્ડ કપમાંથી બહાર થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

આઈસીસી વિમેન્સ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારત માટે શાનદાર પ્રદર્શન કરી રહેલી અને હાલમાં સારું ફોર્મ ધરાવતી ઓપનર પ્રતિકા રાવલ રવિવારે બાંગ્લાદેશ સામેની મેચમાં ઘાયલ થઈ હતી અને ગંભીર ઈજા થઈ હતી જેને પરિણામે તે હવે આ વર્લ્ડ કપમાંથી આઉટ થઈ ગઈ છે.વરસાદથી પ્રભાવિત થયેલી રવિવારની મેચમાં બાંગ્લાદેશની બેટિંગ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે પ્રતિકા રાવલને ઈજા થઈ હતી. રવિવારે અહીંના ડી વાય પાટિલ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચ દરમિયાન ૨૫ વર્ષની પ્રતિકાના જમણા પગે ઈજા થઈ હતી અને તેનો પગ મચકોડાઈ ગયો હતો. અન્ય ખેલાડી અને સ્ટ્રેચરની મદદથી તેને મેદાન બહાર લઈ જવાઈ હતી. બીસીસીઆઈના સૂત્રોએ જણાવ્યું હતું કે જે રીતે તે મેદાન પર પડી ગઈ




હતી અને તેને બહાર લઈ જવી પડી હતી તે જોતાં પ્રતિકા હવે નોકઆઉટ રાઉન્ડની મેચમાં રમી શકે તેવી શક્યતા નથી અને ભારતીય ટીમ માટે આ કમનસીબ બાબત છે. આમ ભારતે તેની ઈજાથી મોટો આંચકો લાગ્યો છે.ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાયેલી મેચમાં ૨૧મી ઓવરમાં એક બોલ રોકવાના પ્રયાસમાં પ્રતિકા ડીપ મિડવિકેટથી દોડી હતી અને જમીન પર પડી ગઈ હતી. તેના ચહેરા પર ભારે તકલીફ જોવા મળતી હતી. આ સમયે ભારતીય ફિલ્ડર્સ તેની તરફ દોડી ગઈ હતી. મેદાન પર સ્ટ્રેચર પણ બોલાવવામાં આવ્યું હતું પરંતુ રાવલ અન્ય ખેલાડીઓ તથા સપોર્ટ સ્ટાફની મદદથી ચાલીને પેવેલિયન તરફ ગઈ હતી. વર્તમાન વર્લ્ડ કપમાં પ્રતિકા રાવલે શાનદાર ફોર્મ દાખવ્યું છે. તેણે છ ઈનિંગ્સમાં ૫૧.૩૩ની સરેરાશથી ૩૦૮ રન ફટકાર્યા છે. આ ઉપરાંત સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાના સાથે મળીને તેણે કેટલીક મેચમાં ભારતને મજબૂત શરૂઆત પણ અપાવી હતી. ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં તો તેણે સદી પણ ફટકારી હતી. તેના ૧૩૪ બોલમાં ૧૨૨ રનની મદદથી ભારતે સેમિફાઈનલમાં પોતાનો પ્રવેશ નિશ્ચિત કરી દીધો હતો. આ ઉપરાંત પ્રતિકાએ ઓસ્ટ્રેલિયા સામેની અગત્યની મેચમાં ૯૬ બોલમાં ૭૫ રન ફટકાર્યા હતા.

### બે રાજ્યોની મતદાર યાદીમાં નામ હોવાનો આરોપ

## બિહાર ચૂંટણી પહેલા ફસાયા પ્રશાંત કિશોર

। (એજન્સી) કરાચી, તા.૧૭ ।

બિહાર ચૂંટણીમાં પોતાની જનસુરાજ પાર્ટી સાથે મેદાનમાં ઉતરેલા પ્રશાંત કિશોર નવી મુશ્કેલીમાં ફસાયા છે. ચૂંટણી વ્યૂહનીતિકારમાંથી રાજકારણી બનેલા પ્રશાંત કિશોરનું નામ બિહાર ઉપરાંત પશ્ચિમ બંગાળની મતદાર યાદીમાં પણ મળી આવ્યું છે. કાયદા પ્રમાણે એક વ્યક્તિનું નામ બે મતદાર યાદીમાં ન હોય શકે. એક અહેવાલ પ્રમાણે બંગાળની મતદાર યાદીમાં પ્રશાંત કિશોરનું સરનામું ૧૨૧, કાલીઘાટ રોડ તરીકે નોંધાયેલું છે. આ એ જ સ્થાન છે જ્યાં તૃણમૂલ કોંગ્રેસનું કાર્યાલય છે. તમને જણાવી દઈએ કે, પ્રશાંત કિશોરે ૨૦૨૧ની બંગાળ વિધાનસભા ચૂંટણી દરમિયાન TMCની ચૂંટણી વ્યૂહનીતિ તૈયાર કરી હતી. TMC કાઉન્સિલર અને મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભાભી કજરી બેનર્જીએ જણાવ્યું હતું.

### ગ્રીન કાર્ડ ધારકો પર પણ લાગુ થશે નવી સિસ્ટમ

## અમેરિકા જવા-આવવાના નિયમોમાં ફેરફાર કરાયો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ગેરકાયદે ઈમિગ્રેશન પરના કડક વલણને પગલે યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS)એ નવા અને કડક સરહદી નિયમો જાહેર કર્યા છે. આ નવા નિયમો અંતર્ગત દેશમાં પ્રવેશતા અને બહાર નીકળતા તમામ બિન-અમેરિકન નાગરિકોનો ફોટોગ્રાફ અને બાયોમેટ્રિક ડેટા લેવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. આ નિયમમાં અમેરિકાના ગ્રીન કાર્ડ (કાયમી નિવાસી) ધરાવતા લોકોનો પણ સમાવેશ થાય છે. યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (CBP) દ્વારા સુરક્ષા મજબૂત કરવા અને નકલી મુસાફરી દસ્તાવેજોના ઉપયોગને અટકાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. આ નિયમ ૨૬મી ડિસેમ્બર, ૨૦૨૫થી લાગુ કરવામાં આવશે. CBP અધિકારીઓ જમીન, સમુદ્ર અને એરપોર્ટ સહિત દેશમાં પ્રવેશના તમામ સ્થળોએ મુસાફરી કરતા અને ત્યાંથી આવતા તમામ બિન-અમેરિકનોના ફોટોગ્રાફ્સ અને અન્ય બાયોમેટ્રિક માહિતી એકત્રિત કરશે. અગાઉ ૧૪ વર્ષથી ઓછી ઉંમરના અને ૭૯ વર્ષથી વધુ ઉંમરના પ્રવાસીઓને ફોટોગ્રાફિક અને બાયોમેટ્રિક તપાસમાંથી મુક્તિ આપવામાં આવતી હતી. હવે આ છૂટને દૂર કરીને આ વય જૂથોના લોકો માટે પણ બાયોમેટ્રિક ડેટા એકત્રિત કરવો ફરજિયાત બનશે.CBP હાલમાં કેટલાક મુખ્ય એરપોર્ટ્સ પર ફેશિયલ રેકગ્નિશન ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, પરંતુ નવા નિયમથી આ પ્રક્રિયા તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર ફરજિયાત બનશે. DHSના જણાવ્યાનુસાર, આ નવા નિયમના અમલીકરણથી આઈડેન્ટિટી ફ્રોડ શોધવામાં, વિઝા ઓવરસ્ટે કરનારાઓને ટ્રેક કરવામાં અને સરહદ પરની સુરક્ષાને મજબૂત બનાવવામાં મદદ મળશે.

### તમામ પાકિસ્તાન હવાઈ ક્ષેત્ર બંધ

## ગુજરાત અને રાજસ્થાનના સરહદી વિસ્તારોમાં ત્રિશૂળ યુદ્ધાભ્યાસ થી પાકિસ્તાનમાં ફફડાટ

। (એજન્સી) લંડન, તા.૧૭ ।

ભારતના ત્રણેય સશસ્ત્ર દળો (નૌકાદળ, ભૂમિસેના અને વાયુસેના) દ્વારા ૩૦ ઓક્ટોબરથી યોજાનારી ''ત્રિશૂળ'' કવાયતથી પાકિસ્તાનમાં ખળભળાટ મચ્યો છે. ભારતે પહેલાથી જ NOTAM (હવાઈ મિશનોને સૂચના) જાહેર કર્યું હતું. પાકિસ્તાને આ NOTAMથી ચિંતિત થઈ તેના સમગ્ર હવાઈ ક્ષેત્રમાં સૂચન કરી એલર્ટ રહેવા કહ્યું છે. પાકિસ્તાનના તમામ હવાઈ ક્ષેત્ર બંધ કરી દેવામાં આવ્યા છે. પાકિસ્તાન દ્વારા આ પગલું તેના નૌકાદળના વડાની સર ક્રીક ક્ષેત્રની મુલાકાત બાદ લેવામાં આવ્યું છે. ભારતીય ભૂ-સેના, નૌકાદળ અને વાયુસેના રાજસ્થાન અને ગુજરાતના સરહદી વિસ્તારોમાં (૩૦ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર સુધી) સંયુક્ત કવાયત કરી રહ્યા છે. ભારતીય સેનાનો આ યુદ્ધાભ્યાસ સમુદ્રમાં અને રણ વિસ્તારોમાં થશે. ભારત તરફથી સાવચેતીના ભાગરૂપે નોટમ જાહેર કરવામાં આવ્યું હતું. જેથી કોઈપણ વિમાન તેની ઝપેટમાં ન આવે. બીજી બાજુ પાકિસ્તાને પોતે જ આ નોટમનું લગભગ સંપૂર્ણ દેશમાં ફેલાવો કર્યો હતો. પાકિસ્તાનના નૌકાદળના વડાએ ગયા અઠવાડિયે સર ક્રીકની મુલાકાત લીધા બાદ તેની સૈન્ય તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ મહિનાની શરૂઆતમાં, ભારતીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સર ક્રીક વિસ્તારની મુલાકાત લીધી હતી અને ત્યાં સૈનિકો સાથે મુલાકાત કરી હતી. સંરક્ષણ મંત્રી સર ક્રીક ક્ષેત્રમાં પાકિસ્તાન દ્વારા લશ્કરી માળખાના વિસ્તરણ સામે કડક ચેતવણી આપી હતી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે તેઓએ ભૂલવું ન જોઈએ કે સરક્રીકમાંથી પસાર થતો એક રસ્તો કરાચી તરફ જાય છે.

## પાકિસ્તાનના PM શરીફે કાશ્મીર મુદ્દે જુઠાણુ ફેલાવ્યું, Xએ કર્યું ફેક્ટ ચેક

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ ।

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ જમ્મુ-કાશ્મીર પર સહાનુભૂતિ મેળવવાના ઈરાદે ૨૭ ઓક્ટોબર, ૧૯૪૭ની ઘટનાને ભ્રામક રીતે રજૂ કરી રહ્યા હતા. જોકે, X પર તેમનો આ પ્રયાસ નિષ્ફળ ગયો. લોકોએ તેમને એવા સાચા દસ્તાવેજો રજૂ કર્યા કે તેમની પાસે કોઈ જવાબ નહોતો.

ખોટા સમાચાર ફેલાવવાની આ નાપાક ઝુંબેશમાં પાકિસ્તાનનું ટોચનું નેતૃત્વ પણ સામેલ રહે છે. ૨૭ ઓક્ટોબરે, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ભારતના અભિન્ન અંગ જમ્મુ-કાશ્મીર વિશે અસત્ય ફેલાવવાનો પ્રયાસ કર્યો. શાહબાઝે કાશ્મીરને પાકિસ્તાનનો ભાગ ગણાવીને, ભારત પર આક્રમણનો આરોપ મૂક્યો અને સાથે જ દાવો કર્યો કે જમ્મુ-કાશ્મીરમાં 'માનવ અધિકારોનું ઉલ્લંઘન' થઈ રહ્યું છે.

## DMK અને TMCનો ચૂંટણી પંચ પર ગંભીર આરોપ, ભાજપે કર્યો વળતો પ્રહાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ચૂંટણી પંચે સોમવારે મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ના બીજા તબક્કાની જાહેરાત કરી હતી. આ તબક્કા હેઠળ દેશના ૧૨ રાજ્યોમાં SIR કરવામાં આવશે. જોકે, ચૂંટણી પંચના આ એલાનથી રાજકીય વિવાદ પણ શરૂ થઈ ગયો છે. ઘણા રાજકીય પક્ષોએ ચૂંટણી પંચની આ જાહેરાત પર સવાલ ઉઠાવ્યા છે અને તમિલનાડુની શાસક DMKએ તો ચૂંટણી પંચની વિશ્વસનીયતા પર જ સવાલ ઉઠાવ્યા છે. DMKના પ્રવક્તા સર્વાનન અન્નાદુરઈએ સવાલ કર્યો કે, 'આસામમાં SIR કેમ કરવામાં નથી આવી રહ્યું? SIR પ્રક્રિયા ક્યારથી નાગરિકતા ચકાસણી પ્રક્રિયા બની ગઈ બિહારમાં ચૂંટણી પંચને કેટલા નકલી કે ગેરકાયદેસર મતદારો મળ્યા? એવા ઘણા સવાલો છે જેના જવાબ ચૂંટણી પંચે આપવાના છે.'

## બાંગ્લાદેશે ભારતના પૂર્વના રાજ્યોને પોતાના દર્શાવતો નક્શો બનાવી દીધો

। (એજન્સી) ઢાકા, તા.૧૭ ।

બાંગ્લાદેશના કાર્યકારી પ્રમુખ મોહમ્મદ યુનુસે પાકિસ્તાની જનરલ સાહિર શમશાદ મિર્ઝાને એક વિવાદાસ્પદ નક્શો ભેટમાં આપ્યો છે, જેમાં ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોને બાંગ્લાદેશનો ભાગ દર્શાવવામાં આવ્યા છે, આ વાતને લઈને વિવાદ ઊભો થયો છે.જનરલ સાહિર શમશાદ મિર્ઝા અને મોહમ્મદ યુનુસ શનિવારે મોડી રાત્રે મળ્યા હતા, ભારતીય વિદેશ મંત્રાલયે હજુ સુધી આ વિવાદ પર સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી. યુનુસે પાકિસ્તાની અધિકારીને 'ધ આર્ટ ઓફ ટ્રાયમ્ફ' નામનું પુસ્તક ભેટમાં આપ્યું હતું. આ પુસ્તકના કવર પર છપાયેલા બાંગ્લાદેશના નક્શાને કારણે વિવાદ ઊઠ્યો છે. પુસ્તકના કવરમાં ઉત્તરપૂર્વના સાત રાજ્યોને બાંગ્લાદેશનો ભાગ દર્શાવાયા છે. કટ્ટરપંથી ઈસ્લામિક જૂથો આ નક્શાને ગ્રેટર બાંગ્લાદેશ તરીકે રજૂ કરે છે.પાકિસ્તાની જનરલ સાહિર શમશાદ મિર્ઝા ૨૪ ઓક્ટોબરના છ સભ્યોના પ્રતિનિધિમંડળ સાથે ઢાકા પહોંચ્યા હતા. મુલાકાત દરમિયાન તેમણે બાંગ્લાદેશના નેતા મોહમ્મદ યુનુસ સહિત વરિષ્ઠ લશ્કરી અને નાગરિક નેતાઓ સાથે સંરક્ષણ તથા સુરક્ષા સહયોગ વધારવા અંગે વાતચીત કરી હતી. ૧૯૭૧ના મુક્તિ સંગ્રામ બાદ પાકિસ્તાન અને બાંગ્લાદેશના સંબંધઓ ઐતિહાસિક રીતે સંઘર્ષપૂર્ણ રહ્યા છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમાં નિકટતા જોવા મળી રહી છે. બાંગ્લાદેશે આ વિવાદિત નક્શામાં આસામ સહિત કેટલાક પૂર્વોત્તરના રાજ્યોને બાંગ્લાદેશનો હિસ્સો ગણાવ્યા હતા.યુનુસે પાક. જનરલ સાથેની તસવીરો ટ્વીટ કરી હતી. યુનુસની પોસ્ટ બાદ કેટલાક વિશ્લેષકો અને પત્રકારોએ સોશિયલ મીડિયા પર બાંગ્લાદેશના નેતા પર ભારતના સાર્વભૌમ ક્ષેત્ર પર વગર આમંત્રણે દખલ કરવાનો આક્ષેપ લગાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ ૨૦૨૪માં બાંગ્લાદેશમાં શેખ હસિનાના નેતૃત્વ હેઠળની આવામી લીગ સરકારનું હિંસક વિદ્યાર્થી આંદોલન બાદ પતન થયું હતું. ત્યારપછી યુનુસે કાર્યકારી પ્રમુખનું પદ સંભાળતા બાંગ્લાદેશ-પાકિસ્તાનના સંબંધો સુધર્યા હતા. યુનુસે ભારતના પૂર્વોત્તરના રાજ્યોનો ઉલ્લેખ કર્યો હોય તેવી આ પ્રથમ ઘટના નથી. એપ્રિલમાં યુનુસે તેની પ્રથમ ચીન યાત્રામાં જણાવ્યું હતું કે, પૂર્વોત્તર ભારત જમીનથી ઘેરાયેલું હોવાથી બાંગ્લાદેશ આ ક્ષેત્રમાં દરિયાનું એકમાત્ર સંરક્ષક છે. આમ તેમણે ચીનને આ ક્ષેત્રમાં પોતાનો પ્રભાવ વધારવા અને અર્થવ્યવસ્થાને મજબૂત કરવા પ્રોત્સાહિત કર્યું હતું. બાંગ્લાદેશના પૂર્વ વડપ્રધાન શેખ હસીનાએ ભારત વિરુદ્ધ ઝેર ઓકનારા અને ભાગેડુ ઝાકિર નાઈક પર નવ વર્ષ સુધી પ્રતિબંધ મૂક્યો હતો. જો કે નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની બાંગ્લાદેશની કાર્યકારી સરકાર વિવાદિત ઈસ્લામિક ઉપદેશક અને ભારતમાં વોન્ટેડ ઝાકિર નાઈકનું આગામી મહિને ભવ્ય સ્વાગત કરવા તૈયારી કરી રહી છે.

**વિશેષ**

### ફરી એકવાર એક અમાન્ય સંસ્થા વિશે ચિંતા વ્યક્ત કરી

# ભારતની ૨૨ નકલી યુનિવર્સિટી, UGC એ જાહેર કર્યું લિસ્ટ

### કોઈ વ્યક્તિ ૧૨મા ધોરણ પછી કોલેજમાં જઈ રહી છે, તો UGC વેબસાઇટ પર નકલી યુનિવર્સિટીઓની રાજ્યવાર યાદી તપાસવાનું ભૂલશો નહીં

। નવી દિલ્હી ।

ભારતમાં ૨૨ યુનિવર્સિટીઓ પકડાઈ છે. જેમાંથી મોટાભાગની સંસ્થાઓ દિલ્હીમાં આવેલી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) એ ફરી એકવાર એક અમાન્ય સંસ્થા વિશે ચિંતા વ્યક્ત કરી છે જે ખોટી રીતે પોતાને કાયદેસર એન્જિનિયરિંગ કોલેજ તરીકે રજૂ કરે છે.

UGC એ ૨૨ સંસ્થાઓની યાદી જારી કરી છે, જેમાં વિદ્યાર્થીઓને ચેતવણી આપવામાં આવી છે કે તેઓ માન્ય યુનિવર્સિટીઓના આડમાં પ્રવેશ આપે છે. જો કે, આ સંસ્થાઓ UGC ના નિયમોની બહાર આવે છે, જેના કારણે તેમની પાસેથી મેળવેલી ડિગ્રીઓ અમાન્ય બને છે. જો તમે ઉચ્ચ શિક્ષણ માટે તૈયારી કરી રહ્યા છો અથવા તમારી નજીકની કોઈ વ્યક્તિ ૧૨મા ધોરણ પછી કોલેજમાં જઈ રહી છે, તો UGC વેબસાઈટ પર નકલી યુનિવર્સિટીઓની રાજ્યવાર યાદી તપાસવાનું ભૂલશો નહીં.

યુજીસીની રાજ્યવાર નકલી સંસ્થાઓની યાદીમાં, દિલ્હીમાં સૌથી વધુ નકલી સંસ્થાઓ છે, જેમાં ૧૦ છે. આ પછી ઉત્તર પ્રદેશમાં ૪, આંધ્ર પ્રદેશ, કેરળ અને પશ્ચિમ બંગાળમાં બે-બે અને મહારાષ્ટ્ર અને પુડુચેરીમાં એક-એક નકલી સંસ્થાઓ છે. યુનિવર્સિટીઓના નામ નીચે આપેલી યાદીમાં રાજ્યવાર મળી શકે છેઃ




૧. આંધ્ર પ્રદેશઃ ક્રાઈસ્ટ ન્યૂ ટેસ્ટામેન્ટ ડીમ્ડ યુનિવર્સિટી, ઈ૩૨-૩૨-૨૦૦૩, ૭મી લેન, કાકુમનુવારીથોટો, ગુંટુર, આંધ્ર પ્રદેશ-૫૨૨૦૦૨ અને ક્રાઈસ્ટ ન્યૂ ટેસ્ટામેન્ટ ડીમ્ડ યુનિવર્સિટીનું બીજું સરનામું, ફિટ નં. ૩૦૧, ગ્રેસ વિલા એપાર્ટમેન્ટ્સ, ૭/૫, શ્રીનગર, ગુંટુર, આંધ્ર પ્રદેશ-૫૨૨૦૦૨

૨. આંધ્ર પ્રદેશઃ બાઈબલ ઓપન યુનિવર્સિટી ઓફ ઈન્ડિયા, હાઉસ નં. ૪૯-૩૫-૨૬, એનજીઓ કોલોની, વિશાખાપટ્ટનમ, આંધ્ર પ્રદેશ-૫૩૦૦૧૬

૩. દિલ્હીઃ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એન્ડ ફિઝિકલ હેલ્થ સાયન્સિસ (AIIPHS) સ્ટેટ ગવર્નમેન્ટ યુનિવર્સિટી, ઓફિસ નં. ૬૦૮-૬૦૯, પહેલો માળ, સંત કૃપાલ સિંહ પબ્લિક ટ્રસ્ટ બિલ્ડિંગ, BDO ઓફિસ પાસે, અલીપુર, દિલ્હી-૧૧૦૦૩૬

૪. દિલ્હીઃ કોમર્શિયલ યુનિવર્સિટી લિમિટેડ, દરિયાગંજ દિલ્હી.

૫. દિલ્હીઃ યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટી, દિલ્હી

૬. દિલ્હીઃ પ્રોફેશનલ યુનિવર્સિટી, દિલ્હી

૭. દિલ્હીઃ ADR-ફોકસ્ડ જ્યુડિશિયલ યુનિવર્સિટી, ADR હાઉસ, ૮J, ગોપાલ ટાવર, ૨૫ રાજેન્દ્ર પ્લેસ, નવી દિલ્હી - ૧૧૦૦૦૮

૮. દિલ્હીઃ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ, નવી દિલ્હી

૯. દિલ્હીઃ વિશ્વકર્મા સ્વ-રોજગાર ઓપન યુનિવર્સિટી, રોજગાર સેવા સદન, ૬૭૨, સંજય એક્લેવ, ઓપ. જીટીકે ડેપો, દિલ્હી-૧૧૦૦૩૩

૧૦. દિલ્હીઃ અધ્યાત્મિક વિશ્વવિદ્યાલય (અધ્યાત્મિક વિશ્વવિદ્યાલય), ૩૫૧-૩૫૨, તબક્કો-૧, બ્લોક-એ, વિજય વિહાર, રિથાલા, રોહિણી, દિલ્હી-૧૧૦૦૮૫

૧૧. દિલ્હીઃ વર્લ્ડ પીસ ઓફ યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટી (WPUNU), નંબર ૨૦૧, ૨જી માળ, બેસ્ટ બિઝનેસ પાર્ક, નેતાજી સુભાષ પ્લેસ, પિતામપુરા, નવી દિલ્હી-૧૧૦૦૩૪

૧૨. દિલ્હીઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ એન્જિનિયરિંગ, ૧૮૧૦/૪, પહેલો માળ, કોટલા મુબારકપુર

૧૩. કેરળઃ ઈન્ટરનેશનલ ઈસ્લામિક યુનિવર્સિટી ઓફ પ્રોફેટિક મેડિસિન (IIUPM), કુન્નમંગલમ, કોઝિકોડ, કેરળ-૬૭૩૫૭૧

૧૪. કેરળઃ સેન્ટ જોન્સ યુનિવર્સિટી, કિશાનટ્ટમ, કેરળ

૧૫. મહારાષ્ટ્રઃ રાજા અરેબિક યુનિવર્સિટી, નાગપુર, મહારાષ્ટ્ર

૧૬. પુડુચેરીઃ શ્રી બોધિ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન, નંબર ૧૮૬, થિલાસપેટ, વઝુથવુર રોડ પુડુચેરી-૬૦૫૦૦૯

૧૭. ઉત્તર પ્રદેશઃ ગાંધી હિન્દી વિદ્યાપીઠ, પ્રયાગ, અલ્હાબાદ, ઉત્તર પ્રદેશ

૧૮. ઉત્તર પ્રદેશઃ નેતાજી સુભાષ ચંદ્ર બોઝ યુનિવર્સિટી (ઓપન યુનિવર્સિટી), અચલતાલ, અલીગઢ, ઉત્તર પ્રદેશ ૧૯. ઉત્તર પ્રદેશઃ ભારતીય શિક્ષા પરિષદ, ભારત ભવન, મટિયારી ચિન્હાટ, ફૈઝાબાદ રોડ, લખનૌ, ઉત્તર પ્રદેશ - ૨૨૭૧૦૫

૨૦. ઉત્તર પ્રદેશઃ મહામાયા ટેકનિકલ યુનિવર્સિટી, PO - મહર્ષિ નગર, જિલ્લો. જીબી નગર, સામે. સેક્ટર ૧૧૦, સેક્ટર ૧૧૦, નોઈડા - ૨૦૧૩૦૪


૨૧. પશ્ચિમ બંગાળઃ ભારતીય વૈકલ્પિક દવા સંસ્થા, કોલકાતા.

૨૨. પશ્ચિમ બંગાળઃ વૈકલ્પિક દવા અને સંશોધન સંસ્થા, ૮-એ, ડાયમંડ હાર્બર રોડ, બિલ્ડટેક ઈન, બીજો માળ, ઠાકુરપુરકુર, કોલકાતા - ૭૦૦૦૬૩

યુજીસીએ એક નોટિસ જારી કરીને વિદ્યાર્થીઓને યુજીસી અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૨૨ નું ઉલ્લંઘન કરીને અમાન્ય ડિગ્રી પ્રોગ્રામ્સ ઓફર કરવા બદલ કોટલા મુબારકપુર, દિલ્હી સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ એન્જિનિયરિંગમાં નોંધણી ન કરાવવા ચેતવણી આપી હતી. નિયમનકારે સ્પષ્ટ કર્યું કે સંસ્થા કોઈપણ કેન્દ્રીય કે રાજ્ય કાયદા હેઠળ સ્થાપિત થઈ નથી, કે તેને કલમ ૨ (એફ) અથવા ૩ હેઠળ માન્યતા આપવામાં આવી નથી, જેના કારણે તેની બધી ડિગ્રીઓ શૈક્ષણિક અથવા વ્યાવસાયિક હેતુઓ માટે અમાન્ય બની ગઈ છે.

આ નોટિસ યુજીસી દ્વારા લાંબા સમયથી ચાલતી સમસ્યાને કાબુમાં લેવાનો પ્રયાસ છેઃ તેની પોતાની યુનિવર્સિટીઓનું સંચાલન, જે વિદ્યાર્થીઓનું શોષણ કરે છે જેઓ સંસ્થાની અધિકૃતતા કેવી રીતે ચકાસવી તે જાણતા નથી. વારંવાર કાર્યવાહી કરવા છતાં, નકલી ડિગ્રીઓનું નેટવર્ક ઊંડે સુધી જડાયેલું છે.

યુજીસીએ માન્ય યુનિવર્સિટીઓની યાદી અને નકલી સંસ્થાઓની યાદી બંને જાહેરમાં ઉપલબ્ધ કરાવી છે. તેમ છતાં, ઘણા વિદ્યાર્થીઓ અને વાલીઓ હજુ પણ સત્તાવાર પોર્ટલની ચકાસણી કરવાને બદલે બ્રોશર, જાહેરાતો અથવા મૌખિક વાતચીત પર આધાર રાખે છે. આનાથી વિદ્યાર્થીઓના ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે અને આ છેતરપિંડી પાછળના લોકોના ઈરાદા મજબૂત થઈ શકે છે. UGC એ ૨૨ સંસ્થાઓની યાદી જારી કરી છે, જેમાં વિદ્યાર્થીઓને ચેતવણી આપવામાં આવી છે કે તેઓ માન્ય યુનિવર્સિટીઓના આડમાં પ્રવેશ આપે છે. જો કે, આ સંસ્થાઓ UGC ના નિયમોની બહાર આવે છે, જેના કારણે તેમની પાસેથી મેળવેલી ડિગ્રીઓ અમાન્ય બને છે. જો તમે ઉચ્ચ શિક્ષણ માટે તૈયારી કરી રહ્યા છો અથવા તમારી નજીકની કોઈ વ્યક્તિ ૧૨મા ધોરણ પછી કોલેજમાં જઈ રહી છે.



सत्यमेव जयते
ગુજરાત સરકાર

# માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે એકતાનગરમાં ₹૧૨૧૯ કરોડથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત


## એકતાનગરને વધુ સુવિધાસભર બનાવતા પ્રકલ્પોનું લોકાર્પણ


- બિરસા મુંડા ભવનઃ આદિવાસી જનનાયકને શ્રદ્ધાંજલિ આપતા ભવનનું નિર્માણ (₹ 303 કરોડ)
- જી.એસ.ઈ.સી. અને એસ.એસ.એન.એન.લિ. ના કર્મચારીઓ માટે અદ્યતન આવાસની સુવિધા (₹ ૫૬ કરોડ )
- હોસ્પિટાલિટી ડિસ્ટ્રીક્ટ( ફેઝ-૧): પ્રવાસીઓના આકર્ષણમાં વધારો થશે (₹ ૫૪ કરોડ)
- સાતપુડા પ્રોટેક્શન વૉલ અને રિવરફ્રન્ટ: એકતાનગરની સુંદરતામાં થશે વધારો (₹ ૨૦ કરોડ)
- નવી ૨૫ ઈ-બસ અને ઈ-બસ ચાર્જિંગ ડેપોના લોકાર્પણથી એકતાનગરના ગ્રીન ગ્રોથને નવો વેગ મળશે (₹ ૩૫ કરોડ)
- વામન વૃક્ષ વાટિકા(બોન્સાઈ ગાર્ડન): વિવિધ બોન્સાઈ વૃક્ષો બનશે આકર્ષણનું કેન્દ્ર (₹ ૧૮ કરોડ)

## વિરાસત અને વિકાસના સમન્વય સમાન પ્રકલ્પોનું ખાતમુહૂર્ત


- રોયલ કિંગડમ્સ ઑફ ઈન્ડિયા મ્યુઝિયમઃ દેશના રાજા-રજવાડાઓનો ઈતિહાસ-સંસ્કૃતિ-સમૃદ્ધ વારસો ઉજાગર થશે (₹ ૩૬૭ કરોડ)
- વીર બાલક ઉદ્યાનઃ વર્તમાન પેઢીને પૌરાણિક બાળવીરોની ગાથાઓથી માહિતગાર કરાશે (₹ ૯૦ કરોડ)
- સ્પોર્ટ્સ કૉમ્પલેક્સઃ એકતાનગરમાં પ્રવાસન સાથે રમત-ગમતની પ્રવૃત્તિઓને વેગ મળશે (₹ ૨૩ કરોડ)


વિઝિટર સેન્ટર


રોયલ કિંગડમ્સ ઑફ ઈન્ડિયા મ્યુઝિયમ


શ્રેષ્ઠ ભારત ભવન ગાર્ડન


સ્પોર્ટ્સ કૉમ્પલેક્સ


સ્માર્ટ બસ-સ્ટેન્ડ


બિરસા મુંડા ભવન

**તારીખઃ** ૩૦.૧૦.૨૦૨૫, ગુરુવાર | **સમયઃ** બપોરે ૦૪.૦૦ વાગે
**સ્થળઃ** એકતાનગર, જિ. નર્મદા.

**હર ઘર સ્વદેશી,
ઘર-ઘર સ્વદેશી**

અખંડ ભારતનાં નિર્માતા સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ એટલે **'એક ભારત, શ્રેષ્ઠ ભારત'**
- **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત